
ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૨૦ અંક: ૧૦ ઓક્ટોબર: ૨૦૧૮ સળંગ અંક : ૫૬૪

# વિ-વિદ્યાનગર







चरोतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते ।

CHARUTAR VIDYA MANDAL
(Est: 1945)
Vallabh Vidyanagar-388120
www.ecvm.net




ચારુતર વિદ્યામંડળ સંચાલિત બી.વી.એમ. એન્જિનિયરીંગ કોલેજ ખાતે યોજાયેલ "વુમન ઈન સાયન્સ એન્ડ ટેકનોલોજી ક્રિએટીંગ સસ્ટેઈનેબલ કેરિઅર" વિષય પર યોજાયેલ આંતરરાષ્ટ્રિય પરિસંવાદ નિમિત્તે પુસ્તિકાનું વિમોચન કરતાં સીવીએમના અધ્યક્ષશ્રી ઈજનેર ભીખુભાઈ પટેલ, ગુજરાત રાજ્યના કમિશ્નરેટ ઓફ ટેકનિકલ એજ્યુકેશનના નિયામકશ્રી કે.કે. નિરાલા, માનદ સહમંત્રીશ્રી મયુરભાઈ પટેલ, સંસ્થાના આચાર્યશ્રી ડૉ. ઈન્દ્રજિત પટેલ, ટેકવીપ-ઉના કો-ઓર્ડિનેટર ડૉ. એસ.ડી. ધીમન, ઈલિનોઈસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીના ડીન એડ કેપલાન આર્મર તથા નતાશા ડીપાઓલા કારોલ, આઈએસએચઆઈકે યુનિવર્સિટી ઈરાકના પ્રમુખશ્રી ડૉ. ઈડ્રિસ હાદી તથા કન્વિનર ડૉ. તૃપ્તિ દેસાઈ નજરે પડે છે.




ચારુતર વિદ્યામંડળ સંચાલિત ગો.જો. શારદા મંદિરના આચાર્યા રીટાબેન પટેલને ૫મી સપ્ટેમ્બરે શિક્ષકદિન નિમિત્તે એમણે કરેલા ઈનોવેશન, લેખન, સામાજિક પ્રવૃત્તિઓ અને નવતર પ્રયોગો માટે ગુજરાત રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક અર્પણ કરતા ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલી, મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણી તથા શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા દશ્યમાન થાય છે.




વિ-વિદ્યાનગર
ચારુતર વિદ્યામંડળ પ્રકાશન
ઓક્ટોબર - ૨૦૧૮
વર્ષઃ ૨૦ અંકઃ ૧૦
સળંગ અંકઃ ૫૬૪
ISSN 0976-9609-V Vidyanagar
ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦
સ્થાપના વર્ષઃ ૧૯૪૫

कर्मण्येवाधिकारस्ते



તંત્રી
ઉર્વીશ છાયા

પરામર્શન
નરેશ વેદ • રાજેન્દ્રસિંહ જાડેજા
જયન્ત ઓઝા • ભગીરથ બ્રહ્મભટ્ટ
આર.પી. પટેલ

સંપાદન-સહાય
અનિતા એ. સાળુંકે

પ્રકાશક
ડૉ.એસ.જી. પટેલ
માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

•

મુદ્રક
આણંદ પ્રેસ, ગામડી- આણંદ

અધ્યક્ષ
શ્રી ભીખુભાઈ બી. પટેલ

માનદ મંત્રી
ડૉ.એસ.જી. પટેલ

કુલપતિ
ડૉ. ભાવેશ પટેલ

માનદ સહમંત્રીઓ
શ્રી બી.પી. પટેલ • શ્રી એમ.જે. પટેલ
શ્રી મેહુલ ડી. પટેલ

ડાયરેક્ટર જનરલ
ડૉ. એન.એમ. ઝવેરી


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન,વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ-ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટૅકનોલૉજી, હૉટેલ મૅનેજમેન્ટ ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કૉલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઈન્ટિરિયર ડિઝાઈન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


• અંકની છૂટક કિંમતઃ ₹ ૧૫/- • રવાનગી ખર્ચ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમઃ ₹ ૧૫૦/-
• વિદ્યાર્થી લવાજમઃ ₹૧૦૦/- • આજીવન લવાજમઃ ₹૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ ‘વલ્લભ વિદ્યાનગર’ પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે ‘વિદ્યાનગર’ નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી.એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે ‘વિ-વિદ્યાનગર’ એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

**વિ-વિદ્યાનગર**
**‘વિ-વિદ્યાનગર’ ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ**
**www.ecvm.net પર મુકવામાં આવે છે.**
**દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.**

**वरं पर्वतदुर्गेषु भ्रान्तं वनचरैः सह ।**
**न मूर्खजनं संपर्कः सुरेन्द्र भवनेपि ।**

પર્વતના દુર્ગમ પ્રદેશોમાં વનચરપ્રાણીઓ સાથે ભટકવું વધુ સારું છે. પરંતુ ઈન્દ્રના મહેલોમાંય મૂર્ખ માણસ સાથેનો સહવાસ સારો નથી.

(સંકલન કર્તાઃ પ્રિ. ઘનશ્યામસિંહ એન. ગઢવી)

**આ માસની વિચારકણિકા**

થયું, થાયે અને થાશે, બધું એ નાથના હાથે,
અરે એ વિશ્વના કર્તા, પ્રભુ તો સર્વ જાણે છે
- ‘અમીઝરણાં’ માંથી સાભાર


॥ કુલપતિની કલમે ॥
MY JOURNEY SO FAR
• Dr. Bhavesh Patel 3
॥ પ્રાથમ્ય ॥ અતૂટ સંબંધ
• એસ.જી. પટેલ 5
॥ આપણો વૈભવ અને વારસો ॥ (પદ્ય વિભાગ)
દયારામ, રણછોડ, ધનાભગત, મીરાબાઈ 6
॥ આપણો વૈભવ અને વારસો ॥ (ગદ્ય વિભાગ)
આધુનિક કેળવણી
• મહાત્મા ગાંધીજી 7
॥ નવાં કાવ્યો ॥ નરેશ સોલંકી, શૈલેશ ગઢવી,
ચંદ્રકાન્ત પટેલ, જયન્ત ઓઝા 8
॥ ચિંતન ॥ વૃદ્ધો અને સમાજ
• ડંકેશ ઓઝા 9
॥ લઘુકથા ॥ ત્યાગ
• નટવર આહલપરા 10
॥ વ્યક્તિત્વ ॥ એક સામાન્ય કર્મચારીની
જીવનપોથીમાં ડોકિયું...
• રમણભાઈ પી. પટેલ 11
॥ અભ્યાસ ॥ અધ્યાય-૧૮ મોક્ષ સંન્યાસ યોગ
• ઘનશ્યામસિંહ એન. ગઢવી 12
॥ સમીક્ષા ॥ મીઠાવગરનો રોટલોઃ સામાજિક
વાસ્તવ, સ્મૃતિઓ અને
સંવેદનાઓનું કલાત્મક સંયોજન
• આશકા પંડ્યા 16
॥ प्रासंगिक ॥ हिंदी हैं हम....
• अनु मेहता 22
॥ શિક્ષણ ॥ Posture Education in
Indian Schools
• P.D. Sharma 24
॥ વિદ્યાવૃત્ત ॥ 27

# MY JOURNEY SO FAR

**Dr. Bhavesh Patel**

I am extremely thankful to CVM and its top management for considering me worthy of the task for which I am selected. Late Dr. C. L. Patel Saheb wanted me to serve CVM since long. I had promised him that after my retirement, which I had planned at the age of 62, I will give my services to CVM. Today, when I am here as per my promise to him, unfortunately, he is not with us. I would like to pay my highest tributes to him, first for pursuing with me relentlessly and more so for building CVM to this level.

Practically, my academic journey began when I joined as a Lecturer, BBA programme of BJVM way back in 1977 after late Shree H. M. Patel Saheb interviewed and selected me. Late Principal P. H. Pandya placed confidence in me and soon gave me a full charge of running the programme. My colleagues, top management and my students were instrumental in my growth and development. BJVM gave me the best opportunities for my development. In fact, one of the BBA students (Late Arun Iyer) was later instrumental in my selection at XLRI, Jamshedpur, which provided me another spring-boarding effect on my entry into postgraduate teaching, executive training, research, publishing and consulting. That experience helped me when I immigrated to the USA with my family. The academia of USA too offered me great opportunities. Quick tenure, early promotion, greater responsibility of running the business division, opportunity to join as a promoter

of an academy for organising conferences and publishing academic journals, Fulbright scholarship of Government of USA, consulting... and more that an academician could ask for.

Once again, one of our BBA students, who later became my colleague at BJVM, Prof. Piyush Sinha became instrumental in bringing me back to India to join as Director of School of Petroleum Management, PDPU. From PDPU to AU and from there to AIER were also destined due to well-wishers of mine.

Thus, my early grooming into academics happened on this great land of academics. This is a land blessed by Sardar Patel, Bhaikaka, Bhikhabhai, Shree H. M. Patel Saheb, Dr.C. L. Patel Saheb and many other unsung heroes who donated their land, money and labour for building this great institution. And now it is in the able hands of Shree Bhikhubhai B. Patel, who I am sure will take CVM to new heights.

At this point, I can promise you all my sincere and hard work in building new CVM. The new CVM because we are endeavouring into becoming a not-for-profit State Private University to build strength for the benefit of modern education to the students of this region and outside. I am confident that in this journey all members of CVM and of the society will extend full cooperation by providing a helping hand and sometime giving constructive criticism.

Together we can climb the new qualitative heights.

**Kulpati, CVM**

## અતૂટ સંબંધ

એસ.જી. પટેલ

એક દિવસ બસમાં મુસાફરી કરવાની હતી. બસમાં બેસનારા પ્રવાસીઓની સંખ્યા વધારે હતી. બસ પ્લેટફોર્મ પર આવી એટલે બધા બસમાં બેસવા ઉત્સુકો ગીરદીની વચ્ચે માર્ગ કાઢી જ્યાં જગા મળી ત્યાં ગોઠવાઇ ગયા. છેલ્લેથી પગથિયાં ચઢનારના પગમાં કંઇક અથડાયું. જોયું તો કોઇકનું પાકીટ હતું. પેલા પ્રામાણિક પ્રવાસીએ તરત જ એ પાકીટ કંડકટરને સોંપી દીધું. કંડકટરે બધા પ્રવાસીઓને ટીકીટ આપ્યા પછી ધીમેથી બધા મુસાફરો વચ્ચે જાહેરાત કરી કે એક પાકીટ મળ્યું છે. જેમનું ખોવાયું હોય તે નિશાની આપી મારી પાસેથી લઇ જાય. બધા મુસાફરોએ પોતપોતાનાં ગજવાં તપાસી લીધાં એટલામાં કોઇ એક વડીલ બોલ્યા- મારું પાકીટ ખોવાયું છે. કંડકટરે પૂછ્યું- કાકા કોઇ નિશાની આપશો? પેલા વડીલે કહ્યું એમાં એક પાંચસો રૂપિયાની નોટ છે, બીજા થોડાક રૂપિયા પણ છે અને સાથે શ્રીકૃષ્ણ ભગવાનનો ફોટો પણ છે. ''આ ભગવાનનો ફોટો તો બીજા કોઇના પાકીટમાં હોઇ શકે. હું કેવી રીતે માની લઉં કે આ પાકીટ તમારું જ છે'' - એમ કંડકટરે વળતો પ્રશ્ન કર્યો. પેલા વડીલે પ્રેમથી પોતાની વાત શરૂ કરી, બધા પેસેન્જરો ધ્યાનથી સાંભળતા રહ્યા- ભાઇ, હું જ્યારે નાનો હતો અને સમજણો થયો ત્યારે મારા પિતાજીએ આ પાકીટ જન્મ દિવસ નિમિત્તે ભેટ આપ્યું હતું. તે વખતે એમાં શ્રીકૃષ્ણ ભગવાનનો ફોટો હતો. ભેટ આપતી વખતે પપ્પાએ સમજાવેલ કે પૈસા શું છે અને બચતનું મહત્ત્વ કેટલું હોય. બાળપણમાં મારી દુનિયા મર્યાદિત હતી. મારા માટે માતા-પિતા જ સર્વસ્વ લાગતાં અને શ્રીકૃષ્ણને તો જોયા જ નહોતા એટલે મેં એ પાકીટમાં શ્રીકૃષ્ણના ફોટા ઉપર મમ્મી-પપ્પાનો ફોટો ગોઠવી દીધો. થોડાંક વર્ષો આમ ચાલ્યું, પછી હું બાલ્યાવસ્થામાંથી કિશોર અવસ્થાએ પહોંચ્યો. મને લાગ્યું કે મારા માતા-પિતા કરતાં હું વધારે દેખાવડો છું એટલે પાકીટમાંથી માતા-પિતાનો ફોટો કાઢી લઇ મારો ફોટો ગોઠવી દીધો. મારી શાળામાં બીજા વિદ્યાર્થીઓની સરખામણીમાં હોશિયાર હતો અને ઘણી બધી પ્રવૃત્તિઓમાં ભાગ લઇ ઇનામો મેળવતો થયો. ક્રમશઃ બોર્ડની પરીક્ષાઓ સારા ટકા સાથે પાસ કરી કોલેજમાં દાખલ થયો. કોલેજ બહુ સારી હતી, ભણાવનારા વિદ્વાન અધ્યાપકો હતા, તેઓ અમારી સારી કાળજી કરતા. કોઇક કારણસર મારો એકાદ દિવસ ભણવાનો બગડે તો મારા મમ્મી-પપ્પા સુધી સમાચાર પહોંચી જતા અને મારો રહી ગયેલો અભ્યાસ પણ વધારાનો સમય કાઢી ભણાવતા.

હું સ્નાતક અને અનુસ્નાતક કક્ષા સુધી દિલ દઇને ભણ્યો. મારી સારી શૈક્ષણિક કારકિર્દીને આધારે મને સરસ નોકરી પણ મળી ગઇ. પરણવા લાયક ઉંમરે મને મનપસંદ છોકરી મળી, એણે મારી સાથે લગ્ન કરવાની દરખાસ્ત સ્વીકારી. સમયસર લગ્ન થઇ ગયાં. પછી મારા પાકીટમાં મારા ફોટાની બાજુમાં મારી પત્નીનો ફોટો ગોઠવાયો. અવારનવાર આ જોડીનો ફોટો જોતા હું બહુ જ ખુશ રહેતો. સમયના વહેણ સાથે મારા ઘરે પારણું બંધાયું. અમારા ઘરમાં દીકરાનું આગમન થયું હતું. તે એટલો રૂપાળો લાગતો હતો કે હું એને જોયા જ કરું. મેં મારા પાકીટમાં મારા ફોટા ઉપર જ મારા દીકરાનો ફોટો લગાવી દીધો. પણ પાકીટમાં જગ્યા સાંકડી લાગતાં મારા માતા-પિતાનો ફોટો કાઢી નાખ્યો. જોગાનુજોગ એવું થયું કે થોડાક દિવસોમાં મારાં માતા-પિતા ગુજરી ગયાં. પછી તો અમે ત્રણ જ રહ્યાં. સુખી સંસાર ચાલતો હતો. દીકરાને ઉછેર્યો, પાલ્યો,પોષ્યો, મોટો થયો, ભણાવી-ગણાવી નોકરીએ લગાવ્યો. કરુણાંતિકા હવે શરૂ થઇ મારી પત્ની મારો સાથ છોડી કેટલીય દૂર ચાલી ગઇ- મૃત્યુ પામી. દીકરાને પરણાવ્યો, તેણે પોતાનું ઘર વસાવ્યું, એ મારાથી અલગ રહેવા ગયો. હું મારા ઘરમાં એકલો પડી ગયો. મહિના પહેલાં દાદરેથી પગથિયાં ઊતરતાં લપસી પડ્યો, શરીરે કેટલીય ઇજાઓ થઇ. દીકરાને ફોન કર્યો, હકીકત જણાવીને કહ્યું કે, મારું શરીર ખૂબ દુઃખે છે. થોડાક દિવસ મારી સાથે રહેવા આવીશ ને! દીકરાએ જવાબ આપ્યો...... પપ્પા Be Strong મારે નોકરી છે. મારો પરિવાર છે, મારાથી હમણાં આપની પાસે નહીં આવી શકાય. એમ કહીને ફોન મૂકી દીધો. કાકાની આંખમાં આંસુ આવી ગયાં, દિલ ભાંગી પડ્યું. તે જ દિવસે દીકરાનો ફોટો કાઢી, શ્રીકૃષ્ણના ફોટાની નીચે મૂકી દીધો. તે દિવસે અહેસાસ થયો કે મારા જીવનનાં ખરા સાથી માત્ર શ્રીકૃષ્ણ જ છે. બીજા બધા- માતા-પિતા, ભાઇ-બહેન, દીકરો-દીકરી વિગેરે સંબંધો મતલબના હતા. બધા આવ્યા ને ગયા. માત્ર મારા ઉપરવાળા સાથેનો સંબંધ અતૂટ રહ્યો, જે બિલકુલ ન બદલાયો. દોસ્તો તપાસ કરો તમારા પાકીટમાં શું છે? તે તમારી પ્રાયોરીટી બતાવે/દર્શાવે છે. જિંદગીમાં કંઇક મેળવવાની લાલચમાં કોઇ આંધળી દોડમાં તો નથી પડ્યાને? આજે બેસીને પોતાના પાકીટને જરૂરથી સાફ કરજો. આજની સચ્ચાઇ- ''રડવાથી કશું જ મેળવી શકાતું નથી, ખોવાથી કોઇને ભૂલી જવાતું નથી, સમય દરેકને સરખો જ મળે છે, જિંદગી બદલવા માટે, પણ જિંદગી નથી મળતી વખત બદલવા માટે.''

(માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર)

## ચિત્ત! તું શીદને ચિંતા ધરે?...

**દયારામ**

ચિત્ત તું શીદ-ને ચિંતા ધરે?
કૃષ્ણને કરવું હોય તે કરે...
સ્થાવર-જંગમ જડ-ચેતનમાં માયાનું બળ ઠરે;
સ્મરણ કર શ્રીકૃષ્ણચંદ્રનું, જનમ-મરણ-ભય હરે.
- ચિત્ત! તું શીદ-ને ચિંતા ધરે?....૦
તું અંતર ઉદ્વેગ ધરે, તેથી કારજ શું સરે?
ધણીનો ધાર્યો મનસૂબો હર-બ્રહ્માથી નવ ફરે.
- ચિત્ત! તું શીદ-ને ચિંતા ધરે?....૦
દોરી સર્વની એના હાથમાં, ભરાવ્યું ડગલું ભરે;
જેવો જંત્ર વગાડે જંત્રી, તેવો સ્વર નીસરે...
- ચિત્ત! તું શીદ-ને ચિંતા ધરે?....૦
થનાર વસ્તુ થયા કરે જયમ, શ્રીફળ પાણી ભરે;
જનાર વસ્તુ એણી પેર જાશે,જયમ ગજ કોઠું ગરે.
- ચિત્ત! તું શીદ-ને ચિંતા ધરે?....૦
જેવું જેટલું જે જયમ કાળે, તે તેને કર ઠરે;
એમાં ફેર પડે નહિ કોઈથી, શીદ કૂટાઈ તું મરે?
- ચિત્ત! તું શીદ-ને ચિંતા ધરે?....૦
તારું ધાર્યું થતું હોય તો સુખ સંચે- દુઃખ હરે;
આપપણું અજ્ઞાન-કુળ એ, મૂળ વિચારે ખરે.
- ચિત્ત! તું શીદ-ને ચિંતા ધરે?....૦
થાવાનું અણચિંતવ્યું થાશે, ઉપનિષદ ઓચરે;
રાખ ભરોસો રાધાવરનો, દયા શીદને ડરે?
- ચિત્ત! તું શીદ-ને ચિંતા ધરે?....૦

## દિલમાં દીવો કરો....

**રણછોડ**

દિલમાં દીવો કરો કે, દીવો કરો,
કૂડા કામ-ક્રોધને પરહરો, રે દિલમાં દીવો કરો...
દયા દીવેલ પ્રેમ- પરણાયું લાવો, માંહીં સુરતાની દિવેટ બનાવો,
માંહીં બ્રહ્મ-અગ્નિને ચેતાવો...
- રે દિલમાં દીવો કરો...૦
સાચા દિલનો દીવો જયારે થાશે, ત્યારે અંધારું મટી જાશે,
પછી બ્રહ્મલોક તો ઓળખાશે...
- રે દિલમાં દીવો કરો...૦
દીવો અણભે પ્રગટે એવો, ટાળે તિમિરના જેવો,
એને તો નીરખીને લેવો....
- રે દિલમાં દીવો કરો...૦
દાસ રણછોડ ઘર સંભળ્યું, જડી કૂંચી ને ઊઘડ્યું તાળું,
થયું ભો-મંડળમાં અજવાળું...
- રે દિલમાં દીવો કરો...૦

## રામબાણ વાગ્યાં રે હોય તે જાણે...

**ધના ભગત**

રામબાણ વાગ્યાં રે હોય તે જાણે,
એજી ઓલ્યા મૂરખા મનમાં શું આણે.
- રામબાણ વાગ્યા હોય તે જાણે...૦
ધ્રુવને વાગ્યા, પ્રહ્લાદને વાગ્યા, ઠરી બેઠા ઠેકાણે;
ગર્ભવાસમાં શુકદેવજીને વાગ્યાં, વેદવચન પરમાણે...
- રામબાણ વાગ્યા હોય તે જાણે...૦
મોરધ્વજ રાજાનાં મન હરી લેવા, વહાલા પધાર્યા તે ઠામે;
કાશીએ જઈને કરવત મેલાવ્યાં પુત્ર-પત્ની બેઉ તાણે...
- રામબાણ વાગ્યા હોય તે જાણે...૦
બાઈ મીરાં ઉપર ક્રોધ કરીને, રાણો ખડગ લઈ તાણે;
ઝેરના પ્યાલા ગિરધરલાલે, અમૃત કર્યા એવે ટાણે...
- રામબાણ વાગ્યા હોય તે જાણે...૦
નરસિંહ મહેતાની હૂંડી સ્વીકારી, ખેપ કરી ખરે ટાણે;
અનેક ભ્કતોને એણે ઊગાર્યા, ધનો ભગત ઉર આણે...
- રામબાણ વાગ્યા હોય તે જાણે...૦

## કેના રે મલાજા અમે કરીએ? રાણાજી! અમે...

**મીરાબાઈ**

કેના રે મલાજા અમે કરીએ?
રાણાજી! અમે, કેના રે મલાજા જો ને કરીએ?
રામના રે નામના રાણા! ગણેશ બેસાડીયા રે, પ્રેમની રે પીઠી અમે ચોળીયે....
- રાણાજી! અમે, કેના રે મલાજા જો ને કરીએ...૦
આલા ને રે લીલા રાણા! વાંસ રે વઢાવીયા રે, નવરંગ ચુંદડી અમે ધરીયે...
- રાણાજી! અમે, કેના રે મલાજા જો ને કરીએ...૦
તાર ને તંબુરો રાણા! તુલસીની માળા રે, હરિના ભજનમાં અમે રહીયે...
- રાણાજી! અમે, કેના રે મલાજા જો ને કરીએ...૦
મીરાંબાઈ ગાવે રાણા! ગિરિધરના ગુણ, શામળિયા વરને અમે વરીયે...
- રાણાજી! અમે, કેના રે મલાજા જો ને કરીએ...૦

॥ આપણો વૈભવ અને વારસો ॥ (ગદ્ય વિભાગ)

## આધુનિક કેળવણી

**મહાત્મા ગાંધીજી**

કેળવણી એ સાધ્ય વસ્તુ નથી પણ સાધન છે, અને જે વડે આપણે ચારિત્રવાન થઈ શકીએ તે જ કેળવણી ગણાય. આવું પરિણામ નિશાળોમાં અપાતી કેળવણીમાંથી આવ્યું હોય એમ કોઈ નહિ કહી શકે. નિશાળમાં જઈને ચારિત્રને ખરચી નાખેલું હોય તેવા અનેક દાખલા નજરે પડશે. એક તટસ્થ અંગ્રેજી લેખકે કહ્યું છે કે, જયાં સુધી હિંદુસ્તાનમાં નિશાળો અને આપણાં ઘરોની વચ્ચે અનુસંધાન નહિ હોય, ત્યાં સુધી નિશાળિયાઓ ઉભયભ્રષ્ટ થશે. ઘરમાં માબાપો તરફથી અને આપણી આસપાસના વાતાવરણમાંથી આપણા યુવકોને એક પ્રકારનું જ્ઞાન મળે છે અને નિશાળોમાં તેનાથી વિરુદ્ધ જ્ઞાન મળે છે. નિશાળોની રહેણી ઘરની રહેણીથી ઘણી વખતે વિરુદ્ધ જોવામાં આવી છે. આપણી વાચનમાળાઓમાં આપેલું શિક્ષણ એ પોથી માંહેલાં રીંગણા જેવું મનાય છે. એમાંનો કોઈ પણ ભાગ આપણે આપણા ગૃહસંસારમાં દાખલ કરી શકતા નથી. આપણે શું શીખીએ છીએ તે વિષે માબાપો બેદરકાર છે. ઘણુંખરું વાચન કેવળ પરીક્ષા આપવાને કરું ઉપાડી લીધેલું વૈતરું જ છે એમ આપણે માનીએ છીએ, અને પરીક્ષા આપ્યા પછી બને તેટલી ઉતાવળથી તે ભૂલી જવા પ્રયત્ન કરીએ છીએ. આપણી ઉપર આપણે નકલ કરનારા છીએ એવો આરોપ કેટલાક અંગ્રેજોએ મૂકેલો છે તે કેવળ અર્થરહિત નથી. તેમાંના એકે તો આપણને સુધારાનો શાહીચુંબક કાગળ એવી ઉદ્ધત ઉપમા આપેલી છે. જેમ શાહીચુંબક કાગળનું કામ વધારે પડતી શાહી ચૂસી લેવાનું છે, તેમ આપણે સુધારાની અતિશયતા એટલે તેના દોષોને જ ગ્રહણ કરનારા છીએ.

કોલેજમાં મળતી વિશેષ કેળવણીનો વિચાર કરવા બેસીએ છીએ ત્યાં પણ એ જ પરિણામ જોવામાં આવે છે. ત્યાં જ્ઞાન સારા પાયા ઉપર મૂકવામાં આપણો કાળક્ષેપ થાય છે. ત્યાં આપણે આપણી ભાષા ભૂલવાનું શરૂ કરીએ છીએ. કેટલાકને તો બાળુકી ભાષા તરફ તિરસ્કાર પણ ઊપજે છે. અરસપરસમાં આપણો વ્યવહાર ઉચ્ચારમાં અશુદ્ધ અને વ્યાકરણદોષવાળું અંગેજી બોલીને ચલાવીએ છીએ. જુદાં જુદાં શાસ્ત્રોના પારિભાષિક શબ્દો આપણી ભાષામાં આપણે ગોઠવેલા હોતા નથી, અને અંગ્રેજી ભાષામાં આવેલા આપણે પૂરી રીતે સમજતા નથી. કૉલેજનો ક્રમ પૂરો કર્યા પછી આપણી બુદ્ધિ શૌર્યહીન બને છે અને આપણાં શરીર નમાલું થઈ જાય છે. દવાની શીશી આપણને આખી જિન્દગી સારું વળગે છે. એમ છતાં પ્રજા માને છે અને આપણે પણ માનીએ છીએ કે, આપણે પ્રજાનું નાક છીએ, આપણે તેના વાલી છીએ, પ્રજાનું ભવિષ્ય આપણા હાથમાં છે! કૉલેજમાંથી નીકળેલો ગુજરાતી યુવાનવર્ગ ગંભીર વિચાર કરીને પ્રજાનું વાલીત્વ સ્વીકારશે તો તેઓને હું બહુ સાહસિક ગણીશ.

અંગ્રેજી ભાષા કોઈ પણ હિંદીએ ન જાણવી જોઈએ એવો આશય આ લેખનો નથી. જેમ રશિયામાં થયું, જેમ દક્ષિણ આફ્રિકા અને જાપાનમાં થાય. છે, તેમ આપણે પણ કરીએ. જાપાનમાં થોડા માણસો ઊંચા પ્રકારનું અંગ્રેજી જ્ઞાન મેળવી યુરોપના સુધારામાંથી જે કાંઈ લેવા યોગ્ય હોય તે જપાની ભાષામાં મૂકી પ્રજાને તે વસ્તુ સુલભ કરી મૂકે છે. અને પ્રજાને અંગ્રેજી ભાષાજ્ઞાન મેળવવાના વ્યર્થ પ્રયાસમાંથી બચાવી લે છે. આપણામાં હવે ઘણાને અંગ્રેજી જ્ઞાન આવ્યું છે.તેઓ ભલે વધારે. અને જેની શરીરસંપત્તિ સારી હોય અને જેનો માનસિક ઉત્સાહ મંદ ન પડ્યો હોય તેઓ અંગ્રેજી વગેરે ભાષામાં આવેલા પ્રજાને હિતકારક વિચારો વગેરે ગુજરાતી ભાષા મારફત ભલે જણાવે. આપણી કેળવણીનો ક્રમ આપણે સતત પ્રયત્ન કરી બદલાવી શકીએ છીએ. અને નવાં શાસ્ત્રો અને નવા વિચારોનું જ્ઞાન માત્ર ગુજરાતી ભાષાની મારફતે આપી શકીએ છીએ. વૈદકશાસ્ત્ર, નૌકાશાસ્ત્ર, કે વિદ્યુતશાસ્ત્રનું સંપૂર્ણ જ્ઞાન ગુજરાતી ભાષામાં ન આપી શકાય એવું કાંઈ જ નથી.

(કેળવણીનો કોયડો (મો.ક.ગાંધી)માંથી ટૂંકાવીને)

॥ નવાં કાવ્યો ॥

## ગઝલ

નરેશ સોલંકી

લખેલા લખાણો લખાવે છે અમને
કવિતાનું કાજળ લગાવે છે અમને

કથાનું જે પ્રકરણ તે વાચ્યું' તું મનહર
હવે એ જ પાનું સતાવે છે અમને

કદી જૂઠ બોલ્યા'તા એનું જ ફળ કે
કરામત કળાઓ કરાવે છે અમને

અમારા જ સ્થાનેથી ઊઠી જવાને
બહુ પૂજ્યભાવે મનાવે છે અમને

અજાણ્યા પ્રદેશે ઊભો મૂકનાયક
અને સિદ્ધયોગી ગણાવે છે અમને

(મવડી પોલીસ હેડ ક્વાર્ટર, બ્લોક નં.૪, ક્વાર્ટર નં.૪૦, નાના મવા રોડ, રાજકોટ મોઃ ૯૯૦૪૩૬૨૨૩૦)

## હેરાન થઈ ગયો છું

શૈલેશ ગઢવી

શબ્દોની રેતી ચાળી હેરાન થઈ ગયો છું,
અશ્રુનો દરિયો ખાળી હેરાન થઈ ગયો છું.
સિદ્ધા સપાટ રસ્તે મંઝિલ હતી છતાં પગ,
ગમતા વળાંકે વાળી હેરાન થઈ ગયો છું.
એકાંતની પળોમાં એકાગ્રતા છળી ગઈ,
મુજમાં તને નિહાળી હેરાન થઈ ગયો છું.
'ભૂખ્યાંને ભાન કેવું?' એ વેણ યાદ રાખી,
ચૂલામાં વૃક્ષ બાળી હેરાન થઈ ગયો છું.
રંગી સહેજ પીડા હરરાજી નોતરી છે,
ધૂળિયું મકાન બાળી હેરાન થઈ ગયો છું.
અજમાયશી સમયની અવધિ સરી ચૂકી છે,
કાંઠે ચરણ પલાળી હેરાન થઈ ગયો છું.

(આંબાવાડી પ્લોટ, મઘીમા મંદિરની પાછળની શેરી, મુ.મેંદરડા-૩૬૨૨૬૦ જિ- જૂનાગઢ મોઃ ૯૯૨૫૩૧૨૯૪૪)

## દાબ્યા કરે છે

ચંદ્રકાન્ત પટેલ 'સરલ'

ક્યાં સહારાની જરૂર લાગ્યા કરે છે.
કોઈ ભીતરથી મને ઝાલ્યા કરે છે.

આ વિચારો પોતે વિચાર્યા કરે છે.
ને ફૂલો ખુશ્બો નવી લાવ્યા કરે છે.

ટોપલી ખાલી લઈ હું નીકળ્યો છું,
માર્ગ એમાં ફૂલો પધરાવ્યાં કરે છે!

કોઈને ડાળી તરફ ક્યાં લક્ષ્ય પણ છે,
માળી એને મનથી સંવાર્યા કરે છે.

યાદ આવે નહિ ખુદા સુખની ક્ષણોમાં,
ખાલીપો પગ એ તરફ વાળ્યા કરે છે !

જેટલી સમજણ નથી મળતી સ્કૂલોમાં,
એથી બમણી તો આ ઘર લાદ્યા કરે છે!

કેમ નીચી થૈ છે મારી મૂછ ઊંચી?
કોઈ તો ભીતરથી ધમકાવ્યા કરે છે.

એક દી' તો આ રમકડાં ઊગશે જ,
શિશુ એને માટીમાં દાટ્યા કરે છે!

કે હવે પરવા નથી મારે જગતની,
શ્વાસમાં તું જો મને રાખ્યા કરે છે!

શ્વાસની આ આવ-જા લંબાતી ચાલી,
કોઈ માથું, કોઈ પગ દાબ્યા કરે છે!

એ વગર ના હું બરફની જેમ પીગળું,
દૂર ઊભી કોઈ તો તાક્યા કરે છે!

(''સંસ્કૃતિ દર્શન'' કાર્યાલય, આસોપાલવ, શેરીનં-૦૨, રેલવે સ્ટેશન પ્લોટ, માણાવદર-૩૬૨૬૩૦ (જિ-જૂનાગઢ) મોઃ૮૭૩૫૯૦૨૪૨૪)

જયન્ત ઓઝા

વાંચી શકો તો વાંચો
ચાલી શકો તો ચાલો
ચશ્મા ને લાકડી છે
સાબરમતીને કાંઠે
ખડિયો અને કલમ છે
ને મેજ પર છે કાગળ
લખવું જો હોય નીરતો
સાબરમતીને કાંઠે
કરવું ન હોય કાંઈ
તો આટલું કરો
રાખીને મૌન બેસો
સાબરમતી ને કાંઠે

(૧, જાનકી એપાર્ટમેન્ટ, નાના બજાર, વલ્લભ વિદ્યાનગર-૯૮૭૯૧૨૯૦૨૮)

॥ ચિંતન ॥

## વૃદ્ધો અને સમાજ

ડંકેશ ઓઝા

નિવૃત્તિ બધાના નસીબમાં નથી હોતી. જે લોકો જાહેર સેવાઓમાં છે, તેમને અને સંગઠિત ક્ષેત્રમાં હોય તેમને ફરજિયાતપણે નિશ્ચિત વર્ષો થતાં નોકરી છોડવી પડે છે. ઘણાં બધાંને તે છોડવી ગમતી નથી. આમ તો આપણને ભાગ્યે જ કંઇ છોડવું ગમે છે. નોકરીને વળગી રહેનારાનો વર્ગ ઘણો મોટો હોય છે. જે કોઇ પણ પ્રકારે નિશ્ચિત કલાકોવાળી રોજગારી સાથે જોડાયેલા જ રહે છે.

માણસની મર્યાદા એ છે કે તેને કેટલીક બાબતો ફાવી જતી હોય છે. પછી તે વિના તેને રુચતું નથી. આ નોકરી કે પૈસા કમાવવાની વૃત્તિ એવી બાબતોમાં અતિ મહત્ત્વની છે. મોટા અધિકારીઓ અને મોટા ન્યાયાધીશો તેથી જ લગભગ જીવનના અંત સુધી આવી કોઇ ને કોઇ પ્રવૃત્તિ સાથે સતત જોડાયેલા રહેવાનું યોગ્ય સમજે છે, ક્યારેક આનંદ પણ અનુભવે છે.

મોટાભાગનાને નિવૃત્તિની ઝંખના હોતી નથી. તેમને ફરજિયાતપણે નિવૃત્ત થવું પડે છે. પછી નિવૃત્તિ આવી પડે ત્યારે શું કરવું તેની બહુ ગતાગમ એમને હોતી નથી. એનું આયોજન એમણે વિચાર્યું હોતું નથી. તેથી તેઓ અતિશય મૂંઝાય છે. પછી ગમે તેમ સમય અને શક્તિ વેડફે છે. અને શેમાં આનંદ આવે છે, શેમાં સંતોષ મળે છે, એની તેમને ખબર પડતી નથી. આજકાલ મનુષ્યોનું આરોગ્ય સુધર્યું છે તેથી આયુમર્યાદા પણ વધી છે. સરકારને પણ તેથી જ હવે વરિષ્ઠ નાગરિકો માટેનાં આયોજનો કરવાની અને યોજનાઓ ઘડવાની ફરજ પડી છે. બીજી તરફ, સમાજને વૃદ્ધાશ્રમનો નવો વિકલ્પ ઊભો કરવો પડ્યો છે. મોટા ભાગના વૃદ્ધોને મજબૂરીથી તે તરફ જવું પડે છે.

આપણી કુટુંબ વ્યવસ્થા આમ તો બરાબર હતી. સંયુક્ત કુટુંબો હતાં.વડીલો અને વૃદ્ધોની તેમાં સન્માનનીય ભૂમિકા હતી. પરંતુ હવે જે આઝાદીનો પવન ફૂંકાયો છે, તેમાં વિભક્ત કુટુંબો વધ્યાં છે અને મહિલાઓને રોજગાર તરફ વળવામાં વધુ સંતોષ પ્રાપ્ત થાય છે. ભણતર લેખે લાગ્યું હોય એમ લાગે છે. આવી વખતે વૃદ્ધો ઘરમાં હોય તો બાળકો અને વૃદ્ધો સચવાઇ જાય એવો લાભ પણ છે. પરંતુ પછી આગવી જીવનશૈલીની આઝાદી નવી પેઢીને જોખમાતી લાગે છે. આ વ્યાપક વલણ છે.

આપણી ચિંતા નિવૃત્ત પામેલા વૃદ્ધો વિશેની છે. કુટુંબને તેઓ ધારે તો ઘણા ઉપયોગી નીવડી શકે. પરંતુ તે માટે તૈયારી હોવી ઘણી મહત્ત્વની છે. કુટુંબના વડા તરીકે જેમણે અત્યાર સુધી સત્તા અને સાહ્યબી ભોગવ્યાં છે તેને હવે એથી ઓછું કંઇ ખપતું નથી. આપણે ત્યાં કહેવત છે કે 'ઊતર્યો અમલદાર કોડીનો.' જાહેર સંસ્થામાં આ જે વલણ દેખાય છે તે કુટુંબ સંસ્થામાં પણ જોવા મળે છે. બહુ મોટી અપેક્ષા રાખ્યા વિના જવાબદારીપૂર્વક થોડાં કામ સંભાળી લે તો વરિષ્ઠજન કુટુંબને ઉપયોગી પણ થઇ શકે. ઘણાં બધાંમાં એ આવડત હોતી નથી.

જે થોડા વર્ગને પેન્શન મળે છે તેમને માટે તો નિવૃત્તિની જિંદગી 'પેઇડ હોલી ડે' જેવી હોય છે. હવે તે ધારે તો નિરાંતવા જીવે, બાકીની જિંદગીનો લુત્ફ ઉઠાવી શકે. સમયના બંધનમાંથી મુક્ત થયાનો આનંદ લઇ શકે.

સમાજમાં આપણે શાંતિથી અને સુખે જીવતા વૃદ્ધોને જોઇને આનંદિત પણ થઇએ છીએ. એમને કોઇ દોડાદોડી નથી, ધમાચકડી નથી, જલ્દી જલ્દી નહાઇને કે ખાઇને ક્યાંય દોડવાનું નથી. પ્રત્યેક રોજિંદી ક્રિયા તે એટલી નિરાંતે કરે છે કે જોનારને ઈર્ષા આવે. આ મજાનો સમય હોય છે અને શરૂઆતમાં કહ્યું તેમ બહુ ઓછાને નસીબ હોય છે!

વૃદ્ધાવસ્થા એ એવો સમય છે જેનો અંદાજ મોટા ભાગનાને અગાઉથી હોતો નથી. ક્યારેક તેમને ઉપેક્ષાના ભોગ બનવું પડે છે.તેમની સાથે વાત કરનાર કોઇ હોતું નથી. એવા તબક્કે એ પહોંચ્યા હોય છે. જ્યારે તેમની અદમ્ય ઝંખના એટલી જ હોય છે કે કોઇ તેમની સાથે બેસે, તેમની વાત સાંભળે, તેમની કાળજી રાખે.યુરોપના દેશોમાં ત્યાંની સરકારોએ આ સમસ્યાના ઉકેલ માટે ઘણી યોજનાઓ અર્થપૂર્ણ રીતે અમલમાં મૂકી છે.

જેમ દેશની પ્રગતિમાં વૃદ્ધિ અને વિકાસ એવા બે શબ્દો વપરાય છે. તેવું જ માનવીની જિંદગી માટે પણ છે. ઘણા બધા ઉંમરમાં મોટા થતા રહે છે એટલે કે વૃદ્ધિ પામતા રહે છે. પરંતુ બહુ ઓછા ખરેખર અને સાચુકલો વિકાસ સાધતા હોય છે. 'ઘરડાં ગાડાં પાછાં વાળે' એમ કહેવાયું છે, પરંતુ એટલી સૂઝ-સમજ પ્રત્યેક વૃદ્ધમાં હોતાં નથી. જે વિકાસ પામ્યો હોય તે આવું કરવા શક્તિમાન હોય છે. સામાજિક સમસ્યાના ઉકેલ તેને હાથવગા હોય છે. માત્ર વૃદ્ધિ પામેલા વૃદ્ધો તેથી જ સમસ્યારૂપ પણ બની જતા હોય છે.

સમાજવિજ્ઞાનીઓ આપણા સમાજજીવન વિશે ઘણી ચિંતા સેવે છે. એકવીસમી સદીએ પહોંચ્યા પછી આપણું સમાજજીવન ખરેખર સુધર્યું છે કે કેમ એ મસમોટો પ્રશ્ન છે. અસંગઠિત મહિલાઓના ક્ષેત્રે 'સેવા' સંસ્થા દ્વારા કામ કરી રહેલાં ઇલાબેન ભટ્ટે ઘણો મહત્ત્વનો મુદ્દો એમ કહીને ઊભો કરેલો કે જો આપણી રોજગારીનું કેન્દ્ર, બાળકોની શિક્ષણની સંસ્થા અને વડીલો માટેની આરોગ્ય સેવા આપણા રહેઠાણથી દસ કિ.મી.ની ત્રિજ્યામાં ન હોય તો આપણે સાધેલો વિકાસ યોગ્ય ગણાય કે કેમ એ વિચારવું રહ્યું. કુટુંબ અને સમાજની રીતે પણ આવી રીતે વિચારવાની જરૂર છે. કુટુંબમાં બાળકોની, સ્ત્રીઓની અને વૃદ્ધોની દશા કેવી છે તેના આધારે જ આપણી સામાજિક સંસ્થાનું મૂલ્યાંકન થઇ શકે. નિવૃત્તિ પામેલા વૃદ્ધો માટે અહીં બહુ મોટી ભૂમિકા ઊભી થાય છે. કામનું બહુ મોટું ક્ષેત્ર અને શક્યતા અહીં પડેલાં છે. જીવનના એક મહત્ત્વના પડાવે પહોંચી ચૂકેલા નિવૃત્ત જીવો, સમાજને અને કુટુંબને યોગ્ય દિશામાં લઇ જવાની ઘણી પ્રવૃત્તિ અવનવી રીતે કરી શકે તેમ છે.લાગે છે એવું કે આ આખો વર્ગ નિષ્ક્રિયતા ઓઢીને, હાથ જોડીને નિરાશ થઇને બેઠેલો છે.

આપણું સમાજજીવન ત્યારે જ સ્વસ્થ અને સુસંસ્કૃત ગણાય, જ્યારે ભારતીય સંસ્કૃતિ અને પરંપરા મુજબ આપણે ત્રણેય પેઢી સાથે રહી શકીએ. એકબીજાને સમજી શકીએ, આદર કરીએ, આશાઅરમાન સમજીએ, સુખ-સગવડ સાચવીએ. એકબીજાને મદદરૂપ થવાની, ઉપયોગી બની રહેવાની ભૂમિકાઓ તો પડેલી જ છે, પરંતુ આપણે આઝાદીના ખોટા ખ્યાલોમાં જાણી જોઇને તેને નજરઅંદાજ કરી છે. સૌથી મોટી વાત તો એકબીજાને સમજવાની છે. સ્વતંત્રતા અને સમાનતા તો જ કારગત બને, જો ભાઇચારો અને સહકારની ભાવના સર્વેમાં હોય. જે દેશ અને સમાજ માટે સાચું છે, તે કુટુંબ માટે તો વધુ સાચું છે.

(૬, સ્વાગત સિટિ, મુ.પો. અડાલજ-૩૮૨૪૨૧, જિ. ગાંધીનગર, (મોઃ ૯૭૨૫૦-૨૮૨૭૪)

॥ લઘુકથા ॥

## ત્યાગ

**નટવર આહલપરા**

તકિયાને અડીને પલંગ પર પલાંઠીવાળી બેઠેલા સાસુએ કડક મીઠી ચાની ચુસ્કી લીધી. સસરાએ આરામ ખુરશી ઉપર લંબાવતાં સિગારેટ સળગાવી. નાસ્તો કરતો દિયર ટેલિવિઝન કાર્યક્રમ જોવામાં મશગૂલ. ચા પીધા પછી પતિએ ડાઇનિંગ ટેબલ ઉપર રૂઆબથી કપ પછાડ્યો.

સાસુએ મહેમાન સાથે ચર્ચા આદરી.

''ત્યાગ-બ્યાગ સાધુ સંતો કરે. સજ્જન માણસોને ત્યાગ શોભે. ઝુંટવી લેવું એ આપણું કામ ! વહુને વહુની રીતે જ રખાય. કામવાળી થોડી રખાય? બધા ભલે કે, જમાનો બદલાયો છે! ખોટી વાત છે. જમાનો બદલાય, પણ સાસુ બદલાય? તમે જાણો છોને એક વહુને ....! બીજી આવી બે લાખના કરિયાવર લાવી. મારી કડકાઇ જુઓ. ફળિયામાં જુઓ, સસલા જેવી વહુ વાસણ ઊટકે છે ને?''

માસિક ધર્મથી પીડાતી, તાવથી ધગધગતી, ખડકલો વાસણ ઊટકતી વહુ દોડી. ગળા ફાંસો ખાવા તૈયાર નણંદના હાથમાંથી દોરડું પકડી લીધું.

''ભાભી, હું તમારી પીડા જોઇ શકતી નથી. આપણા ઘરના શેતાનોએ ભેગા થઇ, એક ભાભી મારી નાંખી. હવે તમનેય...? હું નણંદ પછી, પહેલા સ્ત્રી છું. મારે બાને દેખાડી દેવું છે કે, ત્યાગ કોને કહેવાય?''

('શ્રી પવનતય', પ્લોટ નં. ૬૫ ડી-એ, વિમલનગર, શેરી નં. ૩, આલાપ સેન્ચુરી પાછળ, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦૦૦૦૫ મોઃ ૯૯૭૪૦૦૯૦૪૨)

॥વ્યક્તિત્વ॥

# એક સામાન્ય કર્મચારીની જીવનપોથીમાં ડોકિયું....

**રમણભાઈ પી. પટેલ**

વાત છે સરદાર પટેલ યુનિવર્સિટીના એક કર્મચારીની કે જેમણે સાત સાત કુલપતિશ્રીના સાનિધ્યમાં કામ કર્યું છે. અંગત મદદનીશ તરીકેની તેમની સેવાઓની કદરદાની રૂપે યુનિવર્સિટીએ તેમને બે વર્ષનું એક્ષટેન્સન પણ આપ્યું હતું. ૭૬ વર્ષની વય વટાવી ચૂકેલા એક કર્મઠ કર્મચારી છે- આણંદના અશોકભાઇ વાસુદેવ ઠાકર હાલ તો તેઓ પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઇશ્વરીય વિશ્વવિદ્યાલયમાં થતી યોગ, જ્ઞાન અને ધ્યાનની પ્રવૃત્તિમાં વલ્લભ વિદ્યાનગર ખાતે જોડાયા છે તે ઉપરાંત લેઇટ વી.બી. પંડિત, ચંદ્રપ્રભા ચેરિટેબલ ટ્રસ્ટ અને પ્રાણલાલ દવે ફાઉન્ડેશન, અમદાવાદના ટ્રસ્ટી પણ છે. બંને ક્ષેત્રે તેઓ તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સહાયક બની રહ્યા છે. પંડે એકલા હોવા છતાં એમનો પરિવાર વિશાળ છે. તેમનું જીવન સમાજને અને યુવાનોને પ્રેરક બને એવું છે.

અશોકભાઇના જીવનની મુખ્ય બે ધારાઓ. એમ કહીએ અશોકભાઇનાં બે પડખાં (૧) યુનિવર્સિટીની દીર્ઘકાળની સેવા (૨) માતૃશ્રીની સેવા... આ એકાકી પુરુષે બંને જવાબદારીઓને પૂરી નિષ્ઠાથી અને સ્નેહથી પાર પાડ્યાનો જે પરિતોષ અનુભવ્યો છે. એ ધન્યક્ષણોને સ્મૃતિવંદના પાઠવતાં તેઓ કહે છે-

‘‘મારા એકાકી જીવનમાં બે બાબતોથી મારું જીવન મહેંક્યું છે. (૧) માતુશ્રીના મંદવાડમાં સતત નવ વર્ષ સુધી તેમની સેવા કરવાની જે તક મળી તેને હું મારું સૌભાગ્ય સમજું છું (૨) સતત ત્રણેક દાયકાની યુનિવર્સિટીમાં કામ કરવાની જે તક મળી. એમાંય યુનિવર્સિટીને એક કરોડ રૂપિયાનું દાન આપવામાં સહાયરૂપ બન્યો. નિમિત્ત બન્યો તેને પણ મારા જીવનની સૌથી મોટી સદ્‌ભાગી ઘટના માનું છું. યુનિવર્સિટીના અનુભવો વાગોળતાં વધુમાં તેઓ કહે છે કે મને સાત કુલપતિઓ સાથે કામ કરવાનો લ્હાવો મળ્યો છે. તેમાંથી હું ઘણું શીખ્યો છું તે અનુભવોથી હું ઘડાયો છું. યુનિ.ના કર્મચારીઓ, ઓફિસર્સ, અધ્યાપકોનો સહકાર અને પ્રેમ પણ પામ્યો છું. ઉપરાંત ઘણા વિદ્યાર્થીઓને અભ્યાસમાં પ્રવેશથી માંડી પરિણામ સુધીની સમસ્યાઓમાં સહાયક બની શક્યાનો સંતોષ અનુભવું છું. સાત કુલપતિઓ પૈકી સાતમા કુલપતિશ્રી પ્રો.પી.જે પટેલની કાર્ય કરવાની પદ્ધતિએ કામ કરવાની અને કામ લેવાની મને દિશાસૂઝ સાંપડી છે. તેમના સમયગાળામાં કુલપતિશ્રીના આગ્રહથી ભાણાના લગ્ન પ્રસંગે અમેરિકા જવા સજ્જ કરવામાં આવ્યા ત્યારે કુલપતિશ્રીએ સાથે યુનિવર્સિટીના સ્થાયી ભંડોળ માટે પ્રયત્નો કરવા માટે પણ સૂચન કરેલું, જરૂરી પ્રચારસામગ્રી પણ આપેલી.

લગ્ન સમારંભમાં સરદાર પટેલ યુનિવર્સિટીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, તથા તેમના બનેવી રોહિતભાઇ ઠાકરના અંગત મિત્ર અને ભાનુબેન-રતિલાલ દોશીના પુત્ર રોહિતભાઇ દોશી પણ લોસ એન્જેલસથી આવેલા. એ બધા સાથે મારો પરિચય થયતાં તેમની પાસેથી ૩૫૦ ડોલરનું ડોનેશન મળ્યું પણ વધારે ભંડોળની વાત અશોકભાઇએ કરી અને તેમણે એ વાત અંગે વિચારવા માટે કહ્યું. થોડાક જ સમયમાં આ સામાન્ય કર્મચારીઓએ વ્યક્ત કરેલી શુભેચ્છાનો પ્રતિસાદ સાંપડ્યો.... અને એ દોશી પરિવાર તરફથી એક કરોડ રૂપિયાનું દાન તેઓ યુનિવર્સિટીને અપાવી શક્યા. અઢાર દિવસના એ રોકાણ દરમિયાન તેમણે તેમની સામાજિક જવાબદારીની સાથે સાથે રૂપિયા ત્રણ લાખ ભેગા કરી દીધા. ૧૯૮૯ના અમેરિકી પ્રવાસ દરમિયાન ન્યુયોર્કના રૂઝવોલ્ટ પાર્કમાં બાજ ખેડાવાળ જ્ઞાતિની પિકનિકમાં પણ તેમણે યુનિવર્સિટીના દાન અંગેની વાત મૂકેલી ત્યારે અખિલ ભારતીય બાજ ખેડાવાળ હિતવર્ધક સભામાંથી તેઓ તે સમયે બે હજાર ડૉલર તત્કાળ એકઠા કરી શક્યા હતા. આમ અમેરિકાની સહાય તેમના થકી પ્રારંભાઇ હતી.

જીવન જીવ્યાનો તેમનો બીજો સંતોષ છે. માતાજીની સેવા કરવાનો. મા અતુલ્ય છે જે માએ તેમને સંઘર્ષમાંથી મોટા કરેલા એ માતા માટે તેમણે જીવનનું સમર્પણ કરી દીધું છે. અશોકભાઇ જાતે રસોઇ

(અનુસંધાન પાન ૧૫ પર)

॥ અભ્યાસ ॥

## અધ્યાય-૧૮ મોક્ષ સંન્યાસ યોગ

**ઘનશ્યામસિંહ એન. ગઢવી**

અર્જુનવિષાદ ભેદજ હતો. તેની નિવૃત્તિ એ જ અર્જુનની પ્રવત્તિનું કારણ છે. મોક્ષ એટલે સંશયનિવારણ અને તેના સાધનરૂપ અધ્યાય એટલે મોક્ષસંન્યાસયોગ છે.

સંન્યાસ-ત્યાગનું રહસ્ય જાણી તેનો ભેદ જાણવા અર્જુન ઇચ્છે છે. કામ્યકર્મનો ન્યાસ કેવી રીતે? તેનો ઉત્તર કામ્યકર્મોના ત્યાગને ડાહ્યા પુરુષો 'સંન્યાસ' કહે છે. અને સર્વકર્મફળત્યાગને વિચક્ષણો 'ત્યાગ' કહે છે. સંન્યાસનો અર્થ કોશ પ્રમાણે 'છોડવું' થાય છે. પરંતુ ગીતાકાર કર્મત્યાગનો વિરોધ કરે છે (ગી. ૪-૪૧, ૫-૧૩,૬-૧) નારાયણોપનિષદ-૧૨-૩માં કહે છે. 'न कर्मणा न प्रजया त्यागेनैकेन अमृतस्वमानाशुः।' સંન્યાસ વિષયમાં ટીકાકારો કામ્યકર્મ છોડવાની વાત એવો અર્થ લે છે. મીમાંસકો નિત્યાદિકર્મોમાં કામ્યને છોડવાની વાત એવું અર્થઘટન કરે છે. શંકરાચાર્યના મતે અહીં જે વાત કરી છે, તે કર્મયોગીઓને લાગુ પડે છે. જ્ઞાનીઓ માટે કર્મોનો સંપૂર્ણ પરિત્યાગ આવશ્યક છે.

યજ્ઞને કાર્ય મનાયું નહીં. નહીં કે માત્ર કર્મ. તેથી 'यज्ञो वै विष्णुः' શ્રુતિ કહે છે.

જેને ક્રમસંગ છોડીને (ગી. ૧૮-૬૬) કાયાકલેશભયથી કર્મત્યાગ કરવામાં આવે તો તેવો ત્યાગ રાજસ અને મોહથી કરાતા કર્મનો ત્યાગ તામસ અને આ એક કામ કરવું આવશ્યક છે તેવું સમજીને નિત્યનૈમત્તિક શાસ્ત્રોક્ત કર્મ આસક્તિના દોરવાતા નહીં પણ ફલેચ્છા વિના કરે તે સાત્ત્વિક કર્મ છે. આને જ અન્યત્ર ક્રિયાયોગ કહ્યો છે. (ભાગ-૧-૫-૩૪)'नृणा क्रियायोगाः।' ભગવાનની સાથે જોડવાથી બંધનકર્તા કર્મ (ક્રિયા) યોગ બની જાય છે. અન્યત્ર કર્મવિધિનો સાર (ગી. ૧૮-૮,૯,૧૦,૧૩, ૧૪,૧૫,૧૮,૧૯,૨૩,૨૪,૨૫,૪૨,૪૩,૪૫,૪૬,૪૭) જણાવ્યો છે. વિનોબાના મતે કર્મ સ્વધર્માચરણ, વિકર્મ વિશિષ્ટ કર્મ અને કર્મમાં વિકર્મ મળે તે અકર્મ છે. 'स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः' સાથે સાથે નૈષ્કર્મ્ય કેવી રીતે સિદ્ધ થાય છે? જ્યાં સુધી કર્મ નહીં ત્યાં સુધી નિષ્ક્રિયતા ક્યાંથી? શરીરયાત્રા માટે પણ કર્મ ચાલુ રહે છે. કારણ કે જ્ઞાન અને કર્મ સાથે રહી ન શકે. એવો એમનો સ્પષ્ટ અભિપ્રાય છે,તિલકના સંદર્ભે મીમાંસકોનો કર્મવિભાગ અહીં વિવક્ષિત નથી. તેમના મતે કર્મ બે રીતે વિભક્ત છે, કામ્ય અને નિષ્કામ, સર્વકર્મ આ બે સ્તરે ઓળખી શકાય છે. 'પ્રવૃત્ત અને નિવૃત્ત' (મનુ ૧૨-૨૮) સંન્યાસ એટલે કામ્યકર્મોનો સંન્યાસ અને ત્યાગ (ગી. ૧૮-૪,૫,૮,૯,૧૦,૧૧) એટલે ફળાશારહિત કર્મ કરવું, એવો સ્પષ્ટ પાઠ છે.

સંન્યાસમાર્ગીઓના પ્રશ્નનો ઉત્તર આમાં છે. કર્મ તો સીડી છે, જો તેને જે ત્યજી દેવામાં આવે તો નિર્વાણરૂપી મહાલયોમાં કેમ પહોંચાય? પરંતુ યજ્ઞાદિ કર્મો ન છોડવા એટલે તો કહ્યું. 'तेन त्यक्तेन भुञ्जीथाः'(ઇશ.૧)

સ્વધર્માચરણ અનિવાર્ય છે. વળી યજ્ઞાદિ આસક્તિ મૂકી કરવા. કારણ તે પાવક કરનારા છે. तमेतं वेदानुवचनेन ब्राह्मणा विविदिषन्ति यज्ञेन दानेन तपसाऽनाशकेन च । શ્રુતિ પણ મુમુક્ષુ માટે ભગવદાર્પણ યજ્ઞાદિ કરવાની વાત કરે છે. મોહાદ્ આવા કર્મોનો ત્યાગ કરનાર તામસિક ત્યાગી છે. શરીરને ક્લેશ આપે છે તેમ સમજીને કરેલા આવા કામોના ત્યાગને રાજસિક કહેવાય અને ફલાશારહિત નિયત કર્મ કરાય તો આસક્તિત્યાગ સાત્ત્વિક છે. નરસિંહના શબ્દો આપણી વારે ઘાય છે સાત્ત્વિક ત્યાગના સંદર્ભે-

ઉપાડી ગાંસડી વેઠની રે કેમ નાખી દેવાય, એ છે શામળિયાની રે કેમ નાખી દેવાય.

એથી તો-

> श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
> स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥
>
> (ગી. ૩-૩૫)

દેહીને કર્મત્યાગ અશેષ તો કેમ શક્ય બને? શરીરયાત્રાપિ પરંતુ शरीरयात्राऽपि च ते न प्रसिद्धयेदकर्मणः। પ્રમાણે વર્તન કરાય. કર્મફળત્યાગી સમત્વબુદ્ધિવાળો હોય છે. જે ત્યાગ ન કરે તો કર્મનું પ્રિયાપ્રિય ફળ તેને શ્લિષ્ટ થઇ જાય છે. આ મતે કબીર કહે છે- 'ज्यों कि त्यों धरी दीन्ही चदरियां खूब जतन से ओढी' । આદિ શંકરાચાર્ય અત્યાગી કર્મયોગીમાં માને છે, તેથી આવશ્યકતાનુસાર માતાની ક્રિયામાં નિષિદ્ધ કર્મ સંન્યાસી માટે પણ કર્યું અને સ્વયં ઉદાહરણ બન્યા. ભક્ત નરસિંહ તો સામેથી ભગવાન તેવી વ્યવસ્થા ગોઠવી આપે છે, તેવું કહે છે. 'ભલું થયું ભાંગી જંજાળ.'

કર્મસિદ્ધિ અર્થે પંચીકરણ સર્વ કર્મસિદ્ધયર્થે પંચોપકરણોની આવશ્યકતા માટે કર્તા, સાધન, ચેષ્ટા અને

ભાગ્ય એક ઉદાહરણ એટલે અધિષ્ઠાન દા.ત. દવાખાનું હોય, કર્તા એટલે કે ડોક્ટર, કરણ મિન્સ દવા વ. ચેષ્ટાનો અર્થ સારવાર અર્થે હાથ વ. હલાવવા, ચેષ્ટા દા.ત. કાકચેષ્ટા અને દૈવ એટલે કે દર્દીનું સારા થવું. અથવા પ્રયત્ન. શરીરની અંદરની પ્રાણશક્તિઓની ક્રિયાઓ વ., દૈવમ્ અમાનવીય તત્ત્વોનું જોડાણ કે જેને ભાગ્ય-વિધાતા-કાળ વ. કહેવાય છે. કે પછી મનુષ્યના અતીત જીવનના કર્મો વડે સંચિત શક્તિ તેને પણ કહે છે. દૈવમાં વિશ્વાસ એ નિષ્ક્રિયતાનું ક્વચિત કારણ બને છે. 'सुप्तस्य सिंहस्य मुखे, पूर्वजन्मकृतं कर्म तद् दैवमिति कथ्यते ।'

આ પાંચ એકત્ર હોતા કાર્યસિદ્ધિ થાય છે, પુરુષાર્થ વિષયમાં કર્ણએ કહી દીધું હતું કે 'હું ગમે તે હોવ પણ પૌરુષ જ છે કે જે મારું છે.

આદિ શંકરાચાર્યનું મંતવ્ય છે- कर्ता गोचरात्मा उपाधिलक्षणो अविद्याकल्पितो भोक्ता मनःशारीरिकात्मा । જે ભૂલથી મને સાચો આત્મા સમજી લે છે. રામાનુજની દૃષ્ટિએ આ વૈયક્તિક આત્મા જીવાત્મા છે. મધ્વાચાર્યના કથનાનુસાર તે ભગવાન વિષ્ણુ છે. સંખ્યાનુસાર આત્મા માત્ર સાક્ષી છે.

જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતા અથવા સાધન, કર્મ અને કર્તા ત્રણ પ્રકારના હોય છે. કર્મચોદના કામની પ્રેરણા એટલે કે કર્મના આરંભે કામ કરવાનો નિશ્ચય કરવો તે. દા.ત. વણકર કપડું વણતા પહેલા આવું વણવું છે તેનું જ્ઞાન તે, તે અમુક રીતે થશે તે જ્ઞાન એમ મનથી માની તે માટે રેશમ વ. સાધનો એકત્રિત કરે કર્તા, આ આખી પ્રક્રિયા જ કર્મસંગ્રહ છે. ચરાચરમાં અભિન્ન પરમાત્મા છે તે જાણે તે સાત્વિક જ્ઞાન, ભેદબુદ્ધિથી પ્રાપ્ત જ્ઞાન તે રાજસી અને પંચમહાભૂતો જ આત્મા છે તેવું તત્ત્વાર્થરહિતજ્ઞાન તે તામસી જ્ઞાન છે. (ગા. ૧૮-૨૦,૨૧,૪૨,૫૦)

સત્ત્વાદિ ગુણભેદે જ્ઞાનાદિ ત્રણ પ્રકારના થાય.ભૂતમાત્રમાં એકત્વનું દર્શન તે સાત્ત્વિક જ્ઞાન. વિભિન્ન પ્રાણીઓમાં પૃથકતાનું જોવું તે રાજસિક જ્ઞાન. એક જ કાર્યને સર્વ માનનારું કારણ છે કે નહીં તેના ઉપર બેધ્યાન અને સંકીર્ણતાઓની સૂઝવાળું જ્ઞાન તે તામસિક જ્ઞાન છે.

કર્મ અનાસક્તિપૂર્વકનું સાત્ત્વિક, ફલાસાસહ, અહંકારવાળું અને બહુલાયાસ કર્મ રાજસ તથા હાનિ, હિંસા અને પરિણામનો વિચાર કર્યા વિના કરેલું 'હું કરૂં હું કરૂ એ જ અજ્ઞાનતા' વાળું કર્મ તામસ કહેવાય છે.

અનાસક્ત, અનંહકારી, ધૈર્ય અને ઉત્સાહસંપન્ન કર્તા સાત્ત્વિક, રાગી, ફલોત્સાહી અને અપવિત્ર કર્તા રાજસી અને અયુક્ત, પ્રાકૃત, દંભી, દ્વેષી અને અસંસ્કૃત કર્તા તામસિક છે.

બુદ્ધિ એટલે પ્રવૃત્તિ-નિવૃત્તિ, કાર્યાકાર્યમાં રત, ભયાભયને જાણનારી, મોહબંધને જાણનારી બુદ્ધિ સાત્ત્વિક છે. ધર્માધર્મને યથાર્થ ન જાણનારી રાજસી અને અધર્મને ધર્મ કહેનારી તામસી છે.

ધૃતિ ધ્યાનની સ્થિરતા. જેને સામાન્ય દૃષ્ટિ જોઇ ન શકે પણ જેના વડે જોઇ શકાય તે ધ્યાન. જેનાથી મન, પ્રાણ અને ઇન્દ્રિયોની ગતિવિધિ પર નિયંત્રણ રાખી શકાય તે સાત્ત્વિક ધૃતિ. ફલાશા વિહીન ધર્માર્થને ધારણ કર્તા ધૃતિ તે રાજસી અને નિદ્રા, ભય, શોકાદિને ધારણ કરનારી તામસી ધૃતિ છે. કેવી હોવી જોઇએ-

सुखस्य दुःखस्य न कोपि दाता । परो ददाति इति कुबुद्धिरेषा । अहं करोमीति वृथाभिमानः। स्वकर्मसूत्रात् ग्रथितो हि लोकः ॥

આરંભે વિષ સમાન અને અંતે અમૃત સમ સુખ સાત્ત્વિક પરંતુ તે સુખ પરિણમે વિષમાં ત્યારે રાજસ અને આરંભાન્ત આત્માને ભ્રમમાં પાડનાર સુખ તામસી છે.

પ્રકૃતિમાંથી ઉત્પન્નોભૂત ગુણપ્રભાવમાંથી કોઇ પણ મુક્ત નથી. તે અનુસાર ગુણકર્મ પ્રમાણે વર્ણાદિ વ્યવસ્થા કરાઇ છે. બ્રાહ્મણ સત્ત્વ, ક્ષત્રિય, રજમુખ્ય અને સત્ત્વગૌણત્વમાંથી, વૈશ્ય રજસમુખ્ય અને તમસના ગૌણત્વે તથા ક્ષુદ્ર તમસ મુખ્ય અને રજસ મુખ્યગૌણત્વમાંથી થયો.

બ્રાહ્મણનું કર્મ પ્રશાન્તિ, આત્મસંયમ, તપ, પવિત્રતા, સહિષ્ણુતા, 'સરલ સ્વભાવ ન મન કુટીલાઇ' જ્ઞાનવિજ્ઞાન અને ધર્મમાં શ્રદ્ધા, ધૈર્ય, દક્ષતા, દાનશીલતા અને યુદ્ધમાંથી પલાયનવૃત્તિનો અભાવ એ ક્ષત્રિયના સ્વાભાવિક કર્મો તથા કૃષિ, પશુપાલન અને વ્યાપાર એ વૈશ્યનું પ્રાકૃતિક કર્મ તથા સહજ કર્મ ક્ષુદ્રનું પરિચર્યા વ. છે. 'स्वकर्मणाभ्यर्चयेत् सिद्धिं विन्दति मानवः।' અથવા ઋગ્વેદીય પુરુષસૂક્તમાં વર્ણિત વિરાટમાંથી ચાતુર્વર્ણ્યની ઉત્પત્તિ કે અપરોક્ષાનુભૂતિમાં આદિ શંકરનું મંતવ્ય 'स्ववर्णाश्रमधर्मेण तपसा हारतोषणात् साधनप्रभवेत् पुंसां वैराग्यादिचतुष्टयम् । कर्मज्यायो ह्यकर्मणः।' (ગી.૩-૮), 'तयोस्तु कर्मसंन्यासात्कर्मयोगो विशिष्यते ।' (ગી. ૫-૨) 'गहना कर्मणो गतिः' શું કહેવું તેના વિમર્શ માં? નીલકંઠ મુજબ શ્રુતિ-સ્મૃતિસહ કર્મ પણ શ્રદ્ધારહિત કરેલા કર્મ અકર્મ બની જાય છે, એ જ ક્રમ ઢોંગ વડે થાય તો વિકર્મ બને છે. શ્રીધર સ્વામી મુજબ करोति बन्धमिति कर्म। શંકરાચાર્ય કહે

તેમ શાસ્ત્રવિહિત કર્મ, અકર્મ એટલે તેનો સમૂળગો અભાવ અને વિકર્મ એટલે પ્રતિસિદ્ધ. જો 'सहजं कर्म कौन्तेय सदोषमपि न त्यजेत्।' (ગી. ૧૮-૪૮) 'सर्वारम्भा हि दोषेण धूमेनाग्निरिव वृत्तां।' કર્મ તો માત્ર દોષાવૃત્ત થતું જોવા મળે છે, તેથી મૂકી ન દેવાય. 'स्वभावनियतं कर्म कुर्वन्नाप्नोति किल्विषम्।' (ગી. ૧૮-૪૭)

ક્રમિક શાશ્વતપદપ્રાપ્તિ પણ અહંકારથી લડવાની ના પાડીશ તો પ્રકૃતિ તને લડાવશે. 'तस्मादुत्तिष्ठ कौन्तेय युद्धय कृतनिश्चयः। मानुस्मर युद्धय च।' કેમ કામ ન કરે મનુષ્ય જુઓને? તો તો શરીરયાત્રા પણ ન ચાલે. કેમ કે સ્વભાવ પ્રમાણે માણસ વર્તતો હોવાથી, તેમાં નિગ્રહ શું કરી શકે? (ગી. ૩-૩૩) 'स्वभावजेन कौन्तेय निबद्धः स्वेन कर्मणा।', 'कर्तुं नेच्छसि यन्मोहात्करिष्यस्यवशोडपि तत्। गी. १८-६० नियतं कर्म कुरु ते।' (ગી. ૩-૮)

પ્રકૃતિને લીધે કર્મ અનિવાર્ય બને છે. બંધન સંબંધ શબ્દ સાથે અવિનાભાવે છે. હે કૌન્તેય આની એક જ યુક્તિ છે કે આસક્તિથી મુક્ત થઇને કર્મ કર. કમંના ફળની આસક્તિ જેણે છોડી તે કર્મમાં પ્રવૃત્ત હોવા છતાં કશું કરતો નથી. (ગી. ૪-૨૦) જેને કર્મફળનો ત્યાગ કર્યો તે પરમશાંતિને પ્રાપ્ત કરે છે (ગી. ૫-૧૨) आसक्तोह्याचन्कर्म परमाप्नोति पुरुषः। (ગી. ૩-૧૯) અનાસક્ત પુરુષ પરમને પામે છે. અને છેલ્લે કહ્યું કે કર્મમાં જ તારો અધિકાર છે. કર્મ પૂર્વાંગ છે તેવું શંકરાચાર્ય પણ માને છે. 'केवलादेव ज्ञानात् मोक्षप्रासिः। न कर्मसमुच्चितात्।' આત્મતૃપ્ત ભલે કર્મ છોડે પણ લોકસંગ્રાહકે ન છોડવા જેમ કે જનક જેવા એ કર્મ વડે અને પછી જીવનમુક્તિ સાધી. કર્મયોગી નૈષ્ઠિકિ શાંતિને પ્રાપ્ત કરે છે. (ગી. ૫-૧૨) ઈશ્વર માટે કર્મ કરતો (ગી. ૧૨-૧૦) કે ઈશ્વરને અર્પતો મનુષ્ય મોક્ષ પામે છે. (ગી. ૯-૨૭) 'स्वेस्वेकर्मण्यभिरतः संसिद्धिं लभते नरः।' (ગી. ૧૮-૪૫)

त्यक्त्वा कर्मफलासंगं नित्यतृप्तो निराश्रयः।
कर्मण्यभिप्रवृत्तो नैव किश्चतकरोति सेः॥
(ગી- ૪-૨૦)

**યોગ-**

विविक्तसेवी लध्वाशी यतवाक्कायमानसः।
ध्यानयोगपरो नित्यं वैराग्यं समुपाश्रितः॥
(ગી. ૧૮-૫૨)

કુર્મપુરાણ ઉપરિ વિભાગ ૧૧-૫માં અભ્યાસ

માયા-

सर्वभूतानि यन्त्रारूढानि मायया। જ્ઞાનેશ્વરી કહે છે કે-वैसे ये माया-कृत्य। तू भ्रमित होता व्यर्थ। छाया पर चले शस्त्रान बिधे अङ्गः। (જ્ઞા દ્વિ અ ૧૪૦)इश्वरः सर्वभूतानां हृद्देशेडर्जुन तिष्ठति। (ગી. ૧૮-૬૧) सर्वस्यचाहं हृदि सन्निविष्टः। (ગી. ૧૫-૧૫) हृदि स्थितो (ભાગ-૩-૫-૪)

મુક્તિ (ગી. ૧૮-૫૩, ૫૬, ૫૮, ૬૨, ૬૬, ૭૧) જ્ઞાનાદિ બાદ બ્રહ્મપ્રાપ્તિ, સિદ્ધાવસ્થા, અજ્ઞાનનિવૃત્તિનો વિષય ગીતાને સાન્ત કરે છે. 'અંતે તો હેમનું હેમ હોયે' 'तीर्थे श्वपचगृहे नष्टस्मृतिरपि परित्यजन्देहं ज्ञानसमकालमुक्तः कैवल्यं याति हतशोकः। કે-

सत्यपि भेदापगम नाथ तवाहं न मामकीनस्त्वम्।
सामुद्रो हि तरङ्गः क्वचन् समुद्रो न तारङ्गः॥

ભક્તિના માર્ગે જવાવાળાની ઇચ્છા મુજબ ભગવાન અર્જુનને પોતાના મય બનવા કહે છે. 'सर्वधर्मान परित्यज्य मामेकं शरणं व्रज।' હનુમાનચાલીસાની આ ચોપાઇ 'और देवता चित्त न धरइ हनुमंत सेइ सर्वं सुख लहइ' આ ભાવ અવ્યભિચારીણિ ભક્તિથી ભક્તની સરળતા ખાતર માર્ગ કંડારી દીધો. હું તને સર્વ પાપોથી છોડાવીશ એવું વચન આપે છે. એટલે કે ન કર્મહીનતા બધુ મૂકી મારું નામ લે. એવું નહિ. ભગવાનનું વચન છે કે-

अपहाय निजं कर्म कृष्ण कृष्णेति वादिनः।
मद्दोहिणोडपि ते ज्ञेया यतः कर्ममयो ह्यहम्॥

જો કે વારી વારીને કહ્યું કે મારે ત્રિષુ લોકેષુ કંઇ કામ ન હોવા છતાં હું કામ કરું છું. કેમ કે નહીં તો હું વર્ણસંકરકારક ઠરૂં. હું ન કરૂં તો કોઇ ન કરે અથવા મને આદર્શ માની કોઇ કામ કરવાનું છોડી ન દે સમાજમાં આદર્શ માણસ જેમ કરે તેમ લોક ગતાનુગતિક હોય હું કામ કરૂં છું.यद्याचरति श्रेष्ठतत्तदेवतरो जनः। કામની મહત્તા સ્થાપી.

શરણાગત, તે મારો છે-

हस्तमुत्क्षिप्य यातोडसि बलात्कृष्ण किमद्भुतम्।
हृदयाद्यपि निर्यासि पौरुषं गणयामि ते॥

તે હું જ છું-

सकलमिदमहं च वासुदेवः परमपुमान्परमेश्वरः स एकः।
इथि हि मतिरभवत्यनन्ते हृदयगते व्रज तान् विहाय दूरात्॥

मा शुचः એ શપથ પ્રભુના अहो बत महत्पापं.... अहं सर्वेभ्यो पापापेभ्यो मोक्षयिष्यामि मा शुचः। ગીતાના મતે પાપ માટે ઈશ્વર જવાબદાર નથી રાધાકૃષ્ણન્ કહે છે- To hold that the world consists of free spirits means that

evil is possible and probable. એટલે કે પાપથી દૂર રહેવા કે પાપમાં અભિનિવેશ રાખવા માનવી સ્વતંત્ર છે. પાપને પોષક કામાદિ મહાપાપી છે.તેઓ જ્ઞાનને ઢાંકી દે છે. (ગી. ૧૬-૨૧) તેમનો ત્યાગ કહ્યો છે. સમ્યક્ જરૂરી છે જેમ કે તુલસી કહે તેમ વાતપિત્તકફ જેવા તે કામક્રોધલોભ છે. જેના વિના શરીર નથી બનતું એટલે ઔષધવત તેઓની આવશ્યકતા છે.

પાપી હંમેશા પાપી નથી. તે તેનાથી દૂર રહેવા પણ ઇચ્છી શકે છે. 'હા પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગેથી ઊતર્યું.' કે इन्द्रियेभ्य परं मनः આનાથી ઉપર ઊઠીને માણસ સદસદવિવેકીબુદ્ધિથી પરમાત્માને જાણી जहि शत्रुं महाबाहो कामरुपं दुरासदम्। (ગી. ૩-૪-૩) બની શકે છે.આ યજ્ઞચક્ર મુજબ જે ન ચાલે તે પાપરૂપ બની આયુષ્યને વ્યર્થ કરે છે. (ગી. ૩-૧૬) स्वभावनियतं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम्। (ગી. ૧૮-૯૦) જેમ સર્પદંશ ભલે નખાગ્રે થાય પણ વિષ ફેલાય સમગ્ર શરીરમાં તેમ પાપ આ મનુષ્યના ઇહામુત્રને પ્રભાવી કરે છે.

ब्रह्मण्याधाय कर्माणि संगत्यक्त्वा करोति यः।
लिप्यते न स पापेन पद्मपत्रमिवाम्भसा।
(ગી. ૫-૧૦)

યોગેશ્વર કૃષ્ણ જ્યાં હોય ત્યાં કલ્યાણ જ થાય પરંતુ સ્વયં શિવ નથી યજ્ઞમાં ત્યાં કલ્યાણની અવસ્થિતિ અસંભવ એવું પાર્વતીએ જાણ્યું જ હતું અને સર્વનાશ યજ્ઞ થયો આ બતાવે છે કે જ્યાં કૃષ્ણ ત્યાં વિજય.

કોઇપણ ગ્રંથનું તાત્પર્ય શું? તે બાબતે પૂર્વમીમાંસા કહે છે-

उपक्रमोपसंहारौ अभ्यासोडपूर्वता फलम्।
अर्थवादोयपत्ती च लिंगं तात्पर्यनिर्णये॥

એટલે કે ગ્રંથારંભ, અંત, વારંવાર કહેવામાં આવેલી વાત, અપૂર્વ સિદ્ધાંત, ફળપ્રશંસાનિષ્કર્ષ આટલી વાતોને ધ્યાનમાં રાખી મુખ્ય ઉપદેશને જાણી શકાય અને તે શરતો અહીં સમ્યક્ રીતે ફુલફીલ થયેલી જોવા મળે છે.

(પ્રિન્સિપાલ, એન.એ. એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કૉલેજ, વલ્લભ વિદ્યાનગર)

(અનુસંધાન પાન ૧૧ પરનું)

બનાવી, માને જમાડે. મા એ રસોઇ જમીને સંતોષ અનુભવે- ઘણીવાર દાળ અને ચોખા અલગ અલગ વાસણમાં પલાળ્યા હોય અને દાળભાત કરવા ઇચ્છતા હોય ત્યારે કુલપતિશ્રીનો ફોન આવે કે 'આવી જાઓ', એ દાળભાતનું ખીચડીમાં રૂપાંતર થઇ જતું- બે તુલા સાચવવાની એક તરફ જનેતા છે બીજી તરફ નોકરીદાતા છે. આ બંનેને સમતુલન તેઓ કરી શક્યા તેનો સંતોષ વ્યક્ત કરે છે. ૧૯૯૯ની છઠ્ઠી ઓક્ટોબરે તેમનાં માતુશ્રી કોમામાં જતાં રહેલાં. ડૉક્ટરોએ તેમના જીવનની આશા છોડી દીધેલી. માતુશ્રીને નડિયાદ કિડની હોસ્પિટલમાં દાખલ કર્યાં. એક મહિનાની સઘન સેવા અને દવાથી એ કોમામાંથી બહાર આવ્યાં એ ક્ષણોને તેઓ વાગોળે છે. માથામાં તેલ નાખવું, નવરાવવું, ખવરાવવું બધી જ જવાબદારી અશોકભાઇએ સહર્ષ ઉપાડી લીધેલી. અશોકભાઇ જ્યારે તેમની માના માથામાં તેલ નાખતા ત્યારે તેમની માતા વળી તેમનાં માને યાદ કરી કહેતાં ''મારી મા તારી જેમ જ તેલ નાખતી.'' અશોકભાઇને એ ઉદ્‌ગારો એવા ને એવા જ આજે યાદ છે. એમની સ્મૃતિમાં સચવાયેલી માતૃસેવાની ક્ષણોને જ તેઓ પોતાના જીવનની ધન્યતા ગણાવે છે. આ બંને જવાબદારીઓ વચ્ચે હસતા મુખે રહેવું, પોતાનો જરાય ખ્યાલ ન કરવો, પોતાની જવાબદારી પ્રત્યે જ સક્રિય અને સભાન રહેવું એ અઘરું હોવા છતાં અશોકભાઇએ જે પ્રકૃતિગત સંસ્કારિતાથી પાર પાડ્યું છે તેનો પરિતોષ તેમના ચહેરા ઉપર આજેય વરતાય છે.

આવા કર્મઠ અધિકારીઓની સમાજને જરૂર છે. સમાજની પ્રત્યેક વ્યક્તિ પોતાની જવાબદારી પ્રત્યે સભાન અને સક્રિય થાય તો સમાજ પણ અશોકભાઇના જીવનની જેમ મ્હેંકી ઊઠે. સમગ્ર રીતે જોઇએ તો, અશોકભાઇની જીવન પોથીમાંથી બે ઘટના દીવા જેવી ઝગમગતી દેખાય છે. એક, તેમણે કોઇ પણ પ્રકારના વિસંવાદ વગર હસ્તે મુખે સાત સાત કુલપતિશ્રીના સાન્નિધ્યમાં નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી અને બીજું આ કળિકાળમાં એકલા રહીને પોતાની માતાની શ્રવણની જેમ સેવાકરી. એ રીતે સરસ્વતી વંદના અને માતૃવંદના થકી તેમણે જીવનને સાર્થક અને ગૌરવંત કર્યું છે.

આધુનિક શ્રવણ અશોકભાઇને તેમના જન્મદિન પ્રસંગે, તંદુરસ્ત દીર્ઘાયુષ્યની પ્રાર્થના સહ હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ.

॥ સમીક્ષા ॥

# મીઠા વગરનો રોટલોઃ સામાજિક વાસ્તવ, સ્મૃતિઓ અને સંવેદનાઓનું કલાત્મક સંયોજન

આશકા પંડ્યા

ભગીરથ બ્રહ્મભટ્ટના વાર્તાસંગ્રહ 'મીઠા વગરનો રોટલો'ને મોહનલાલ પટેલ 'ધરતીની ફોરમ પ્રગટાવતી' કથાઓના સંગ્રહ તરીકે ઓળખાવે છે. ઇ.સ. ૨૦૦૨માં પ્રગટ થયેલા આ સંગ્રહમાં ૨૫ વાર્તાઓ છે. સંગ્રહની ઘણીખરી વાર્તાઓની ભોંય ગ્રામસમાજ છે. લેખક પોતે નિવેદનમાં કહે છે કે,

'મારી વાર્તાઓની ભોંય ગામડાની છે... પણ મારે તો ગ્રામ્ય પારિવારિક સંવેદનાઓ જે ઝડપથી અને જે રીતે લુપ્ત થવા માંડી છે એના તરફ નિર્દેશ કરવો છે.'

વાર્તાસંગ્રહમાંથી પસાર થતાં લેખકનું આ નિવેદન સાચું જણાય છે. પારિવારિક સંબંધોમાંથી જે ઝડપે સંવેદનાઓ લુપ્ત થઇ રહી છે એ વસ્તુ લેખકની વાર્તાઓમાં ઘૂંટાઇને આવે છે. આ સંગ્રહની ઘણીખરી વાર્તાઓ વિવિધ સામયિકોમાં પ્રકાશિત થઇ ચૂકી હતી. અને કેટલીક વાર્તાઓ તો સાહિત્ય જગતમાં પોંખાઇ પણ છે. સંગ્રહની બધી વાર્તાઓમાંથી પસાર થતાં એક વાત સ્પષ્ટપણે સમજાઇ જાય છે કે આ બધી વાર્તાઓ પાછળ લેખકની નક્કર અનુભૂતિ રહેલી છે. પણ માત્ર અનુભૂતિથી કલાત્મક વાર્તાઓનું સર્જન ન થાય. એ માટે તો અનિવાર્ય તત્ત્વો છેઃ સૂક્ષ્મ નિરીક્ષણ શક્તિ, સર્જકનો આગવો દૃષ્ટિકોણ, સર્જકની વાર્તા સિદ્ધ કરવાની મથામણ અને સર્જકનું ભાષાકર્મ. 'મીઠા વગરનો રોટલો'માં આ ચારેય બાબતો જોવા મળે છે.

વાર્તાઓ મહદ્‌અંશે ગ્રામજીવનની હોવાને કારણે પ્રથમ દૃષ્ટિએ એકસરખી જણાય. પરંતુ વાર્તાકારે કુશળતાપૂર્વક વિવિધ માનવીય ભાવો અને સંવેદનો અહીં ગૂંથી લીધા છે તેની પ્રતીતિ વાર્તાઓમાં રહેલું વૈવિધ્ય કરાવે છે. 'વહેણ અને વહેળો', 'લીમડાની છાયા નીચે તડકો', 'વીજળીનો ચમકારો', 'ગુલાબવાડી, ચૌટા વચ્ચે', ... 'ગામમાં પિયરને ગામમાં...' વાર્તાઓમાં મુગ્ધાવસ્થાનો પ્રેમ અને તેના સંસ્મરણો, 'સમતુલન' અને 'ગુલાબવાડી ચૌટા વચ્ચે....'માં મધુર દામ્પત્યજીવન, 'ઉઝેડો', ચાકડો અને 'ડૂમો વૃદ્ધ' માબાપની વ્યથા, 'દાતણ અને દાબડી' તથા 'આઠમી સપ્ટેમ્બર'માં બાળમાનસ અને દાદીની સંવેદનાઓનું ચિત્રણ, 'કબીરો', 'ત્રિભેટે', 'સાલમુબારક', 'લીમડાની છાયા નીચે તડકો', 'વીજળીનો ચમકારો', 'ગામમાં પિયરને ગામમાં..' વાર્તાઓમાં પ્રથમ પ્રેમના સંસ્મરણોનું આલેખન, 'જીવતરનો કૂપો', 'સાંધો' અને 'આઠમી સપ્ટેમ્બર'માં વ્યક્ત થતી પુત્રની મા-બાપ પ્રત્યેની સંવેદનાઓનું નિરૂપણ, આ સંવેદન વૈવિધ્યનું જડતર સર્જકે ગ્રામસમાજરૂપી ચૂંદડી પર કર્યું છે. પરંતુ તેનો અર્થ એ નથી કે લેખક ગોકુળિયું ગામની ભ્રમણામાં રાચે છે. ગ્રામજીવનનો અનુભવ ધરાવતા આ લેખક ગ્રામસમાજના દુરિતને દર્શાવવાનું પણ ચૂક્યા નથી. 'મીઠા વગરનો રોટલો', 'સાંબેલું', 'વહેણ અને વહેળો', 'ચાકડો', 'જીવતરનો કૂવો' અને 'મીઠી વિદાય'-તેના દૃષ્ટાંતરૂપે જોઇ શકાય.

લેખક વ્યવસાયે પ્રાધ્યાપક છે.તેથી શિક્ષણનું મૂલ્ય સુપેરે જાણે છે. પણ સમાજમાં શિક્ષણ વિશે જાગૃતિ ન હોય ત્યારે કંઇ કેટલીય જિંદગીઓ અજ્ઞાનના અંધકારમાં ડૂબી જતી હોય છે. સ્ત્રીને વળી ભણવાની શી જરૂર?ઘરકામ આવડે એટલે બસ. આવું માનતા આપણા સમાજમાં તો છોકરીઓના ભણવાનાં ઓરતા પૂરા થાય તો નવાઇ! 'વહેણ અને વહેળો'ની ડાહી, 'પ્રસાદ' ની શબૂ, 'વીજળીનો ચમકારો'ની હંસાનું ભણતર અધૂરું રહ્યું છે. તો 'સાંબેલું'ની સ્વાતિકાકીના ભણતર પર થતો કટાક્ષ જુઓ.

સામૂહિક અચેતનમાં રહેલું દુરિત 'વહેણ અને વહેળો', 'સાંબેલું', 'ચાકડો' અને 'જીવતરનો કૂવો'- આ વાર્તાઓમાં લેખકે દર્શાવ્યું છે. દુરિતનું પ્રમાણ જ્યારે વધે ત્યારે સૌ પ્રથમ તો સમાજમાંથી સંવેદનાઓ મરતી જાય. અને એથી આગળ વધે ત્યારે ક્રૂરતા વધે. ક્યાંય અપરાધભાવ કે પ્રાયશ્ચિત્ત જોવા ન મળે. 'ચાકડો'ના મોહન કુંભાર ગામમાં કોઇને ત્યાં લગ્ન પ્રસંગ હોય કે દિવાળીના દિવસો હોય ત્યારે ઘરે ઘરે ફરીને કોડિયાં ને માટલી મૂકી આવતા. આખા ગામ માટે એમને પ્રેમભાવ હતો. નવાસવા શિક્ષક તરીકે જોડાયેલા વાર્તાનાયકને પણ સૌથી વધુ સહાય અને સ્નેહ મોહનકાકા પાસેથી જ મળે છે. પણ ક્રમશઃ દુરિતનું પ્રાબલ્ય વધતાં મોહનકાકા પોતે જે કહે છે તે જુઓ.

'હા ચું કૌ? માસ્તર... ગોમેય ગોમ રહ્યું નથી.... હવે તો વહવાયાને કોઇ દોણાય આલવામાં હમજે નૈ... કોડિયાં, માટલાં લોક મૂંઉ લે નહીં, વીજળી આઇ જૈ.... પોહાય નૈ..., મેલી દીધું બધું.... ગોમમાં તું કોણ, મું કોણનો વેવાર થૈ જ્યો...'

વર્ષોના વર્ષો સુધી ગામના શુભ પ્રસંગો અને

તહેવારો સાચવનાર મોહનકાકાની પત્નીનું અવસાન થાય છે. દીકરો પરણીને ક્યાંક બીજે જતો રહે છે.એ જ ગામનો ચેલા ઠાકોર મોહનકાકાનું ઘર પચાવી પાડે છે.

મોહનકાકાની તપાસ કરવા ગયેલા વાર્તાનાયકને ચેલા ઠાકોર પાસેથી જવાબ મળે છે. 'ગાંડા મોણહની હું ભાળ? આજે ઓંય તો કાલે ત્યાં...'

મોહનકાકા જેવું જ બીજું પાત્ર 'જીવતરનો કૂવો'ના નાયકના પિતાનું છે. બાળપણથી ગરીબી અને દુ:ખ વેઠનાર પિતા ગામમાં સૌને મદદ કરતાં. સારા-નરસાં પ્રસંગે ગામ આખાની પડખે ઊભા રહેનાર પિતા સીધા-સાદા સ્વભાવના હતા. નાયક પોતે જે લખે છે તે જુઓ.

'મારા બાપા ન્હોતા પંડિત કે ન્હોતા મોટા જાણકાર ખેડૂત, પણ એમનામાં આવતી કાલને ઊજળી જોવાના ઓરતા હતાં, સ્વપ્ના હતાં, સૂઝ હતી પણ ઉત્સાહને બળ આપનારું કોઇ ન્હોતું! દૃષ્ટિ હતી પણ દૃષ્ટિ પ્રમાણે દોરનાર કોઇ ન્હોતું. હૈયું હતું પણ હૂંફ ન્હોતી... કામ કૂટતા જોયા છે. ચિંતામાં જોયા છે. પીડામાં જોયા છે. ભાર ઉપાડતા જોયા છે. ભાર વેંઢારતા જોયા છે. મહોલ્લાને જમાડતા, ગામને જમાડતા, કુટુંબ અને ગામના બ્રાહ્મણોની ચોર્યાશીઓ કરતા, બ્રાહ્મણોને આંગણે એંઠ પડાવતા મેં એમને જોયા છે.' (પૃ.૧૧૬)

સારી-નરસી અવસ્થામાં સાથે ઊભા રહેવાનું તો દૂર પણ બે મીઠા શબ્દો કહેવાની પણ ફરજ ગામના લોકો નિભાવતા નથી. નાયકના બાપા અને મોહન કુંભાર બંનેની અવદશા માટે કોણ જવાબદાર? શું એમનો સીધો, સરળ સ્વભાવ કે પછી ગામના લોકોનું જડ માનસ? એડલર જે સમાજની કલ્પના કરે છે એવો આ સમાજ નથી. અહીં સામુદાયિકતાની ભાવના કોઇની મદદ કરવા માટે નહીં પણ કોઇનું પચાવી લેવા માટે જોવા મળે છે. 'વહેણ અને વહેળો' તથા 'સાંબેલું' વાર્તામાં લેખકે આ વાત કલાત્મક રીતે દર્શાવી છે.

વિધવા સ્ત્રી પાસેથી પતિનું બારમું જમાડવાના બહાને તેનું ખેતર પચાવી લેવાની ઇચ્છાથી ભેગા થયેલા સોમા મુખી અને ગામના બીજા આગેવાનોની વાતચીતથી 'વહેણ અને વહેળો' વાર્તા શરૂ થાય છે. મૃત પરષોત્તમનો દીકરો નાથિયો આ વાત માટે તૈયાર નથી. એટલે આ ગામના આગેવાનો કઇ રીતે નાથિયાનો અવાજ દબાવી દેવો એની વેતરણમાં પડ્યા છે. સોમા મુખી, ભલાભા, મગન કેદાર, ખોડભા-આ બધાં જે આનંદ અને ઉત્સાહથી ખેતર પડાવી લેવાની વાત કરે છે તેમાં તેમની માનસિકતા છતી થાય છે. એકલી વિધવા સ્ત્રીને દબાવીને, દબડાવીને 'તારા દીકરાને કોઇ છોકરી નહીં આપે.' એવું કહીને બળજબરીથી ખેતર લખાવી જ લે છે. ખેતર એ મા-દીકરાનો એકનો એક આધાર અને તેને પણ ઝૂંટવી લેતા-રિવાજના નામે પચાવી પાડતા ગામલોકો જે પાસવીક આનંદ અનુભવે છે તે તેમના સંવાદોમાં દેખાય છે.

મગન કેદારે કહ્યું- 'આજકાલનું છોકરું ના શેંની પાડઅ? અને જો તું આ નૈ કરે તો પછઅ કાલ છોકરાને નાતમાં કુણ દેશે?'

'એટલે તો પૂરી હાથ જોડવા મોંડી, ને વેવાર એટલે વેવાર'- કહેવા માંડી (પૃ. ૪૭)

એક અબળા વિધવાને હાથ જોડી કરગરતી કરી દીધી એ વાત પર આ મૂછાળા મરદો હસે છે. એથી આગળ વધીને જો કદાચ છોકરો વિરોધ કરશે તો? એવો સવાલ ઊઠે છે ત્યારે જવાબમાં ખોડભા કહે છે,

'છોકરાને હું પૂછવાનું?ઇની માનું નાતરું?' (પૃ.૪૮)

'સાંબેલું' વાર્તામાં સ્ત્રી પર જે અત્યાચાર થાય છે તેનું નિરૂપણ થયું છે. નાતની રીતભાત અને બાપની લાચારીના કારણે સ્વાતિના લગ્ન નાયિકાના કાકા સાથે થાય છે. આખી વાર્તાને સૂક્ષ્મ દૃષ્ટિએ જોઇએ તો સગાસંબંધીઓનું આકરું મૌન અને સાસુની ક્રૂરતા ભેગા મળીને એક કોડીલી સ્ત્રીનો ભોગ લે છે. મૂંગે મોઢે સાસુનો ત્રાસ સહન કરતી અને આખા ઘરનું કામ વેંઢારતી સ્વાતિકાકીનો પક્ષ માત્ર નાયિકા જ લે છે. પણ તેને નાની ગણીને ચૂપ કરાવી દેવામાં આવે છે. એટલું જ નહીં નાયિકાને કાકીને મળવાની મનાઇ પણ ફરમાવી દેવામાં આવે છે. કાકીની જેઠાણી પણ કાકીને પજવવામાં કોઇ પાછીપાની કરતી નથી. આવી જેઠાણીની પણ સ્વાતિ સેવા-ચાકરી કરે છે. અને છતાં જેઠાણીના મૃત્યુ વખતે સાસુ કહે છે.

'રાંડ છપ્પરપગીએ જેઠાણીનો જીવ લીધો.' (પૃ. ૩૯)

ભલાની માથાભારે અને ઝઘડાળુ માના કારણે મહોલ્લામાં પણ બધાં તેનાથી દૂર રહે છે. તેમાંય શબૂની મા સાથે ભલાની મા ઝઘડી હોવાથી બંને ઘર વચ્ચે અબોલા છે. આ અબોલા દૂર થાય છે સત્યનારાયણની કથા દ્વારા. ભલાના ઘરે કથા છે. કથા મધ્યે ચોર પગલે શરમાતી શરમાતી શબૂ આવીને ભગવાનને પ્રાર્થના કરીને જતી રહે છે. ભલાને તો જાણે કથા ફળી! પ્રસાદ વહેંચવાનો આરંભ જ ભલો શબુના ઘરેથી કરે છે. અને પ્રસાદથી

પેલી કડવાશ દૂર થાય છે. આખી વાર્તામાં ભલાની શબૂ પ્રત્યેની લાગણી, ભલાની માનો ઝઘડાળુ સ્વભાવ અને શબૂનો મૂક પ્રેમ-આ બધાંની ગૂંથણી લેખકે સહજતાથી કરી છે.

'ગુલાબવાડી ચૌટા વચ્ચે...'માં બાળપણમાં ઘરઘર રમતાં પાંગરેલા નૈસર્ગિક અને અપેક્ષારહિત પ્રેમની કથા છે. કોયલ જેવા કંઠે લગ્નગીતો ગાતી બાળસખી રમીલાના લગ્નમાં જ નાયકની મુલાકાત તેની જીવનસંગિની મનીષા સાથે થાય છે. સંજોગવશાત રમીલાનું મૃત્યુ થતાં મનીષા અને નાયક તેના બાળકને દત્તક લે છે. અહીં મનોવિજ્ઞાની એડલરકથિત સામુદાયિકતાની ભાવના અનુભવાય છે.

ગ્રામસમાજનું વાસ્તવિક ચિત્રાણ એ આ વાર્તાસંગ્રહમાં મહત્ત્વનું પાસું છે. તેમ ભૂતકાળની સ્મૃતિઓ અને એ સ્મૃતિઓની વ્યક્તિના વર્તમાન પર થતી અસરનું આલેખન એ આ વાર્તાસંગ્રહનો બીજો વિશેષ છે. ક્યારેક આ ભૂતકાળ ભૂત બનીને માણસને વળગે છે. તો ક્યારેક ફૂલની સુગંધની જેમ વીંટળાઇ વળે છે. ભગીરથ બ્રહ્મભટ્ટ માનવમનના જાણકાર લેખક છે. તેઓ સ્મૃતિના આ બંને રૂપને આલેખે છે. સ્મૃતિઓ વ્યક્તિના જીવનનું અભિન્ન અંગ છે. તેમાંય પ્રથમ પ્રેમના સંસ્મરણો તો ભૂલી જ શી રીતે શકાય? સંગ્રહની ઘણીખરી વાર્તાઓમાં આવતાં પાત્રો પ્રથમ પ્રેમના સંસ્મરણો યાદ કરતાં જોવા મળે છે. 'મીઠા વગરનો રોટલો'ની ઉજમબાને અચાનક જ પોતાનો બાલસખા ચંદુ કાટ યાદ આવી જાય છે. ચંદુ કાટે પોતાના માટે ખાધેલો માર અને તેની સાથે ખેતરમાં બેસતાં એ બધી સુંવાળી યાદો અચાનક જ ઉજમબાને વીંટળાઇ વળે છે. 'કબીરો', 'ત્રિભેટે', 'સાલમુબારક', 'લીમડાની છાયા નીચે તડકો', 'વીજળીનો ચમકારો' તથા 'ગામમાં પિયરને ગામમાં...' આ બધી જ વાર્તાઓમાં પ્રથમ પ્રેમના સંસ્મરણો જોવા મળે છે. 'વીજળીનો ચમકારો'માં તો વર્ષો પછી અચાનક જ નાયક વરસતા વરસાદમાં બસસ્ટેન્ડ પર ઊભેલી નાયિકાને જુએ છે અને તેના સ્મૃતિપટ પર પ્રથમ પ્રેમની વસંતના દિવસો તરવરવા લાગે છે. 'વીજળીનો ચમકારો' હકીકતમાં તો પ્રથમ પ્રેમનો ચમકારો છે. 'સમતુલન'ની નાયિકા સુજાતા પોતે શી રીતે નાયકના પ્રેમમાં પડી હતી એ સંસ્મરણોને વાગોળીને વર્તમાનમાં પણ પ્રસન્નતા અનુભવે છે. તો 'ત્રિભેટે' અને 'સાલમુબારક' જેવી વાર્તાઓમાં એ સ્નેહના સંસ્મરણો નાયકની વેદનામાં વધારો કરે છે.

'નિર્મૂળ' અને 'આઠમી સપ્ટેમ્બર' પણ સ્મૃતિની લીલા દર્શાવતી વાર્તાઓ છે. 'નિર્મૂળ'માં નાયકના ચિત્તમાં સચવાયેલા ગામની, ખેતરની અને પેલા આંબાની સ્મૃતિ છે. કહો કે, સ્મૃતિમાં જ આંબો બચ્યો છે. તો 'આઠમી સપ્ટેમ્બર'માં જૂના ફોટાનો આલ્બમ જોતાં બાના ચિત્તમાં તાજી થઇ જતી બાપુજીની સ્મૃતિઓ છે. આ વાર્તામાં બાપુજીની સ્મૃતિ દુઃખદ કે પીડાદાયક નથી. પણ 'જીવતરનો કૂવો' વાર્તામાં પિતાની યાદની સાથે જ નાયકના ચિત્તમાં પિતાએ વેઠેલા દુઃખ ઉભરાવા લાગે છે. તેથી ત્યાં એ સંસ્મરણો કડવી દુઃખદ યાદ બની જાય છે. 'ઉઝેડો' વાર્તાનો વૃદ્ધ બાપ પોતાની મૃત પત્નીની યાદોને વાગોળતો જોવા મળે છે. અહીં એ સંસ્મરણો વૃદ્ધની એકલતાને ઘૂંટે છે. સુરેશ જોષીની 'થીંગડું' વાર્તાનો વૃદ્ધ પ્રભાશંકર અનાયાસે જ અહીં યાદ આવી જાય. પણ 'ડૂમા'માં દીકરાને માર માર્યો હતો એ યાદના ઘા જ્યારે જ્યારે ભાઇજીભાઇના ચિત્ત પર તાજા થાય છે ત્યારે ત્યારે તેમના ગળે ડૂમો બાઝી જાય છે. 'સાંબેલું'માં નાયિકા પોતાની મૃત કાકીને યાદ કરતી જોવા મળે છે.

સ્મૃતિઓની આ અકળ લીલા ઘણીવાર વ્યક્તિ માટે યંત્રણા જેવી બની જતી હોય છે. તેની માયાજાળમાં અટવાયેલો માનવી ભૂતકાળથી છૂટી શકતો નથી અને વર્તમાનમાં જીવી શકતો નથી. માનસશાસ્ત્રની પરિભાષામાં ચિત્તની આ પ્રકારની અવસ્થાને Fixation કહે છે. કહો કે, માનવી જીવનમાં આગળ તો વધી જાય પણ વારંવાર કંઇક ખૂટતું હોય એમ વળીવળીને એનું ચિત્ત ભૂતકાળમાં બનેલી ચોક્કસ ઘટના તરફ સરી જાય. અહીં અતીત એ સુખદ નથી હોતો ભગીરથ બ્રહ્મભટ્ટે કલાત્મક રીતે મનની આ અવસ્થાનું પણ નિરૂપણ કર્યું છે. 'કબીરો', 'સાલમુબારક', 'ત્રિભેટે', 'લીમડાની છાયા નીચે તડકો'. આ ચાર વાર્તાઓ આ સંદર્ભે જોઇ શકાય. આ ચારેય વાર્તાઓના નાયક-નાયિકા ભૂતકાળમાં જ અટકી ગયાં છે.

'સાલમુબારક' અને 'ત્રિભેટે' બંનેના નાયકોએ દેખીતા કોઇ કારણ વિના નાયિકાના લગ્નના પ્રસ્તાવને નકાર્યો છે. એવું નથી કે તેઓ તેને ચાહતા નથી. પણ આ નકાર પછી બંને નાયકોનું જીવન શુષ્ક બની ગયું છે. 'સાલમુબારક'નો નાયક સ્પષ્ટપણે એવી કબૂલાત કરે છે કે, 'હું એને નથી ભૂલી શક્યો.' 'ત્રિભેટે'નો નાયક અમદાવાદના બદલે ખેડા સ્ટેન્ડે ઊતરી પડે છે અને પ્રીતિને મળવા પહોંચી જાય છે. અહીં નોંધવા જેવું એ છે કે વર્ષો પછી ફરી મળે અને ફરી છૂટા પડે છતાં નાયકનું ચિત્ત તો એ અવસ્થામાંથી છૂટી શકતું નથી.'સાલમુબારક'ના

નાયકને ક્યારેય આકાશ ચોખ્ખું નથી દેખાતું. તો 'ત્રિભેટે'નું શીર્ષક સૂચવે છે તેમ નાયક જ્યાં પ્રીતિથી છૂટો પડ્યો હતો એ ત્રણ રસ્તા પર જ મનોમન વર્ષોથી ઊભો છે. પાંચ-પાંચ વર્ષ સુધી નાયકની સાથે ભણેલી લીમડાની છાયા નીચે ગોષ્ઠી કરનારી નાયિકા પોતાના વતન પહોંચ્યા પછી પણ મનથી તો એ લીમડા નીચે જ ઊભેલી છે. ભગીરથ બ્રહ્મભટ્ટ વાર્તાકારની સાથે સાથે કવિ પણ છે તેની પ્રતીતિ તેમની ભાષા તો કરાવે જ છે. પણ સાથે જ માનવમનના આવાં નાજુક સંવેદનોને જે કુશળતાથી વાર્તામાં ગૂંથી લે છે તેમાં પણ થાય છે. તેમ છતાં તેમની વાર્તાઓ લાગણીવેડામાં સરતી કે પોચટ આંસુ સારતી બની જતી નથી. ત્યાં તેમની સર્જક તરીકેની તટસ્થતા અનુભવાય છે. આ વાત અગત્યની એટલા માટે છે કારણ કે મહદઅંશે આ પ્રકારના નાજુક સંવેદનોનું આલેખન કરતી વખતે વાર્તાકાર લાગણીવેડામાં સરી પડે એવો ભય રહે છે. ભગીરથ બ્રહ્મભટ્ટ આ ભયસ્થાન ઓળંગી જાય છે. સંસ્મરણોની આવી વૈવિધ્યસભર સૃષ્ટિનું બારીક નકશીકામ આ વાર્તાસંગ્રહની ખૂબી છે. ભગીરથ બ્રહ્મભટ્ટ કુશળ માનસશાસ્ત્રીની અદાથી માનવીના વર્તનને, વિચારોને આલેખે છે. તેમના પાત્રો જ્યાં જ્યાં ભૂતકાળમાં અટવાય છે ત્યાં પણ તેમનું નિરૂપણ હવાઈ બનતું નથી. જેમ કે, ભત્રીજાના લગ્નનું આમંત્રણ ન મળતાં ઉજમબા દુઃખ અનુભવે છે, એ દુઃખમાંથી જ તે સુખી ભૂતકાળમાં સરી જાય છે. પણ પેલી પીડા કેમેય કરીને હળવી થતી નથી. તેથી દાળ-ચોખા કાઢતાં તેમનાં હાથમાંથી પવાલું છટકી જાય છે અને રોટલામાં મીઠું નાખવાનું રહી જાય છે. એ તો મનોવૈજ્ઞાનિક સત્ય છે કે જ્યારે માનવી કશીક માનસિક તાણ કે ગૂંચમાં હોય ત્યારે તેના વાણી-વર્તનની સમતુલા જળવાતી નથી. 'ઉઝેડો'માં વૃદ્ધ નાયક ગળફો થૂંકવા જાય છે પણ ગળફો તેના ધોતિયાની કિનાર પર જ પડે છે. અડધી રાતે પણ એ જાગતો પડ્યો છે. ઉધરસ અને ઊંઘના અભાવમાં તેનું ચિત્ત ભૂતકાળમાં પહોંચી જાય છે. 'સમતુલન'માં સુજાતાના લગ્ન તેને ગમતાં અલ્પેશ સાથે થયાં છે. અને તે તેની સાથે સુખેથી જીવી રહી છે. તેથી જ તેના માનસપટ પર અલ્પેશ સાથેની પ્રથમ મુલાકાત અને અલ્પેશે તેના પ્રેમના પ્રસ્તાવનો આપેલો જવાબ તરી આવે છે. સ્વાભાવિક છે કે સ્ત્રીનું મન આ મધુર સંસ્મરણોને વારંવાર વાગોળે. નારી મનની આ ખૂબીને વાર્તાકાર સુપેરે જાણે છે. આ હાથવગાં દૃષ્ટાંતો પરથી એ વાત કહી શકાય કે વાર્તાકારે સંસ્મરણોનું આલેખન ચોકસાઈપૂર્વક કર્યું છે. આ નિરૂપણ શુષ્ક કે નીરસ બની જતું નથી. લેખક આયાસપૂર્વક માનસશાસ્ત્રીય સિદ્ધાંતોના આધારે આ પ્રકારનું નિરૂપણ કરતા હોય એવું જણાતું નથી. માનસશાસ્ત્રીય તથ્યો વાર્તાઓમાં સહજતાથી ગૂંથાઈને, એકરૂપ થઈને આવી જતા અનુભવાય છે.

લેખક બાળકની વિવિધ વૃત્તિઓને બરાબર જાણે છે, 'દાતણ અને દાબડી' વાર્તામાં મુન્નાની વિવિધ ચેષ્ટાઓનું તેમણે જે બારીકાઈથી આલેખન કર્યું છે તે જોવા જેવું છે.

બાને ઘરમાં ન જોતાં રડવા લાગેલો મુન્નો કોઈનાથી છાનો રહેતો નથી. પણ બાની છીંકણીની દાબડી અને દાતણ જોતાં એ શાંત થઈ જાય છે. માત્ર બાળચેષ્ટાઓના વર્ણનની દૃષ્ટિએ જોઈએ તો પણ આ વાર્તા આસ્વાદ્ય છે. પરંતુ લેખક માત્ર એ ચેષ્ટાઓ બતાવીને અટકતાં નથી. માંડ ચાર પૃષ્ઠની આ વાર્તામાં આરંભના બે પૃષ્ઠમાં મુન્નાની બા સાથેની લાગણીનું વિસ્તારપૂર્વકનું વર્ણન છે.

બા સાથેની મુન્નાની લાગણીઓ એ હદે જોડાયેલી છે કે મુન્નાને કોઈ રમકડાં કરતાં વધારે વ્હાલી બાની દાબડી છે. અને એ માનસશાસ્ત્રીય સત્ય છે કે મોટી વયે પણ પ્રિયજનની કોઈ વસ્તુ તરફ દરેક વ્યક્તિને લગાવ રહેતો હોય છે. તે ચાહે જૂની પેન કે તૂટેલા ચશ્મા હોય. અહીં વસ્તુનું નહીં પણ પેલી વ્યક્તિ સાથેનું લાગણીનું જોડાણ અગત્યનું છે. મુન્ના માટે પણ દાબડી નહીં પણ બા અગત્યની છે. એટલે જ જ્યારે એ બાની ગેરહાજરી અનુભવે છે. ત્યારે તેની તીવ્ર પ્રતિક્રિયારૂપે મુન્નો રોકકળ શરૂ કરી દે છે. તેના બાળમાનસને તીવ્ર આઘાત લાગે છે. અને નવાઈ એ છે કે મુન્નાની મા પણ મુન્નાના આ આઘાતને સમજી શકતી નથી. પણ તેની સાથે રમતો એક નાનો છોકરો 'ભૈ' મુન્નાના મનની વાત જાણી જાય છે. બાની દાબડી અને દાતણ મુન્નાના હાથમાં મૂકી દે છે. વાર્તાકાર ભગીરથ બ્રહ્મભટ્ટની આ કલાસૂઝ ભાવકના હૃદયને સ્પર્શી જાય તેવી છે. જે વિચાર અન્ય વડીલોને નથી આવતો તે વિચાર એક નાના બાળકને આવી જાય છે. વાર્તાનો આ પ્રકારનો અંત ભાવકને અનેરો આહ્‌લાદ આપે છે.

માનવમન ઘણું સંકુલ અને નાજુક છે. વ્યક્તિનું ચિત્ત ગૂંચવણ ભરેલી પરિસ્થિતિઓ, અપેક્ષા ભંગ, નિષ્ફળતા કે નિરાશામાંથી બચવા માટે કેટલીક બચાવ પ્રયુક્તિઓ અપનાવતું હોય છે. તેમાંય જ્યારે સ્ત્રી-પુરુષ સંબંધની વાત આવે ત્યારે તો આ બાબત ખૂબ અગત્યની બની જાય છે. ઘણીવાર વ્યક્તિ વાસ્તવિકતા ન સ્વીકારી શકે ત્યારે એ

દુઃખદ વાસ્તવિકતાનું અસ્તિત્વ જ નથી એમ માનવા લાગે છે. જેને માનસશાસ્ત્રની ભાષામાં 'શાહમૃગ મનોવૃત્તિ' કહે છે, એ જ રીતે ઘણીવાર વ્યક્તિ પોતાના વ્યક્તિત્વને અન્ય વ્યક્તિના વ્યક્તિત્વને અનુરૂપ બનાવવાનો પ્રયાસ કરે છે. અહીં એ યાદ રાખવું રહ્યું કે બીજાને સમજવું એ જુદી વાત છે. પરંતુ પોતાના વ્યક્તિત્વને ભૂંસી નાંખવું એ તેના કરતાં તદ્દન જુદી જ વાત છે.આ પ્રકારની ચિત્તની બચાવપ્રયુક્તિને 'તાદાત્મ્ય' કહે છે. ભગીરથ બ્રહ્મભટ્ટ સામાજિક વાસ્તવની સંરચના સુપેરે જાણે છે. વ્યક્તિ અને સમાજ આ બેનો સંઘર્ષ ઘણીવાર વ્યક્તિના ચિત્તને નુકસાનકારક બનતો હોય છે. અને તેમાં પણ આ સંઘર્ષના મૂળ સ્ત્રી-પુરુષ સંબંધમાં રહેલા હોય તો પ્રશ્ન વધુ વિકટ બને છે. લેખકે તેમની અનેક વાર્તાઓમાં પ્રણયની નિષ્ફળતા અને તેનાં પરિણામો દર્શાવ્યાં છે. પણ તેમાંય તેમની 'કુંવારી નદીનો મુંઝારો' અને 'લીલા લીમડાની સુક્કી ડાળ.' આ બે વાર્તાઓ આપણા ગુજરાતી સમાજનો જાણે કે ચહેરો ઉઘાડો પાડે છે. બંને વાર્તા કહેવાય છે એક અધ્યાપકના મુખે. એ પણ સૂચક છે. 'કુંવારી નદીનો મુંઝારો' વાર્તામાં તેજસ્વી વિદ્યાર્થિની રેશ્મા આપઘાતનો પ્રયાસ કરે છે. પ્રથમ દષ્ટિએ તો પ્રેમમાં છેતરાયાના કારણે રેશમાએ ઝેર પીધું એવું જણાય. પણ જ્યારે આ વાર્તાને સહજ ધ્યાનથી વાંચીએ તો વાસ્તવનો અસ્વીકાર અને તાદાત્મ્યભાવથી પીડાતી એક સ્વપ્નિલ યુવતી આપણને જોવા મળે છે.

વાર્તામાં એવાં સંદર્ભો આવે છે કે રેશ્મા સીતાની અગ્નિપરીક્ષા કે દુષ્યંતે શકુંતલાને ઓળખી નહોતી એ વિશે પ્રશ્નો પૂછતી હોય છે. ત્યાં એક વાત તો સ્પષ્ટ થઇ જાય છે કે રેશ્મા સાહિત્યકૃતિઓમાં પણ એની જેમ જ કોઇકને કોઇક રીતે પ્રિયજન દ્વારા તરછોડાયેલી હોય એવી નાયિકાઓ સાથે તાદાત્મ્ય અનુભવે છે. તેના આવાં પ્રશ્નો અને ડાયરીમાં લખેલી પંક્તિઓ તેનું ચિત્ત કઠોર વાસ્તવિકતાનો સ્વીકાર કરી શક્યું નથી એ વાત સૂચવી દે છે. સ્નેહલે તેને તરછોડી છે એ વાસ્તિવિકતાનો તે અસ્વીકાર કરે છે.અને જ્યારે તેને લાગે છે કે હવે આ નગ્ન સત્ય સ્વીકારવું જ રહ્યું ત્યારે તે આપઘાત કરે છે. માત્ર આટલું પણ જોઇએ તો આ વાર્તા સ્પર્શી જાય તેવી છે. પણ આગળ નોંધ્યું તેમ લેખક સામાજિક સંરચનાને જાણે છે, સમજે છે. રેશ્મા જેવી તેજસ્વી અને સંવેદનશીલ યુવતીની લાગણીઓની કોઇને ચિંતા જ નથી. ખુદ તેના જ માતા-પિતા રેશ્મા શું અનુભવે છે તેનાથી અજાણ છે. આવી પરિસ્થિતિમાં પોતાની લાગણી ક્યાં વ્યક્ત કરવી? કોની સામે વ્યક્ત કરવી? રેશ્માને આશ્વાસન મળે છે સાહિત્યકૃતિઓમાં આવતી ઉપેક્ષિત નાયિકાઓ દ્વારા પણ આ તેની અધૂરી સમજ છે એવું તેને સમજાવનાર કોઇ નથી.એ આપણા સમાજની મોટી મર્યાદા છે. અને રેશ્માના અધ્યાપક પણ આ મર્યાદા છે. અને રેશ્માના અધ્યાપક પણ આ મર્યાદાને લીધે જ તેને કોઇ મદદ કરી શકતા નથી. રેશ્માનો આ મૂંઝારો એ આપણા સમાજની લગભગ દરેક યુવતીનો મૂંઝારો છે. ઘણીવાર તેજસ્વી પણ સંવેદનશીલ યુવતીઓ કઠોર વાસ્તવને પચાવી શકતી નથી. રેશ્મા પોતાની ડાયરી માતા-પિતાને ન આપતાં અધ્યાપકને આપે છે એ પણ સૂચક છે. કારણ કે ઊંડે-ઊંડે તેની એવી આશા છે કે તેના અધ્યાપક તેને સમજી શકે.

આ પ્રતિક્રિયા એ માત્ર પ્રોફેસરની પત્નીની નથી પણ અક્ષયના બધાં જ સ્વજનોની છે. અક્ષય પણ કોઇ એને સમજી શકતું નથી એ વાસ્તવિકતામાંથી છૂટવા ફાંફાં મારે છે. તેની આ શાહમૃગવૃત્તિ તેને વાચન તરફ દોરી જાય છે. અને ક્રમશઃ દબાણ વધતું જતાં તે પણ રેશમાની જેમ કૃતિઓમાં આવતાં પાત્રો સાથે તાદાત્મ્ય અનુભવે છે. પણ તેનો આ તાદાત્મ્યભાવ નકારાત્મક પાત્રો સાથેનો છે. 'મળેલા જીવ'ના ધૂળા અને 'સરસ્વતીચંદ્ર'ના પ્રમાદધન સાથે તે તાદાત્મ્ય અનુભવે છે.

લેખકે સ્ત્રી-પુરુષના સંબંધોનું આલેખન કર્યું છે.ક્યાંક પ્રણય લગ્ન સુધી પહોંચે છે. તો ક્યાંક વિરહમાં પરિણમે છે. તો કેટલીક વાર્તાઓમાં કાયદાની દષ્ટિએ લગ્ન છે પણ સંબંધની દષ્ટિએ ખાલીપો છે.'મીઠા વગરનો રોટલો'ની ઉજમબા, 'ફૂલોની શૈયામાં સીતાના ડૂસકાં'ની પ્રજ્ઞા, 'સાંબેલું'ની સ્વાતિ-સમાજની દષ્ટિએ પરિણીતા છે. પણ તેમના પતિને મન તેમની કોઇ કિંમત નથી. 'સમતુલન' તથા 'ગુલાબવાડી ચૌટા વચ્ચે...'માં સુમધુર દાંપત્યજીવન જોવા મળે છે. 'આઠમી સપ્ટેમ્બર' અને 'દાતણ અને દાબડી'માં પણ પ્રસન્ન દાંપત્યજીવન જોવા મળે છે. 'કબીરો','ત્રિભેટે' અને 'સાલમુબારક'-આ વાર્તાઓમાં પ્રણયની અધૂરપનું આલેખન છે. પણ સંવેદનની દષ્ટિએ આ બધી વાર્તાઓ એકબીજાથી જુદી પડે છે.

ભગીરથ બ્રહ્મભટ્ટની ભાષા પ્રાસાદિક છે.ટૂંકીવાર્તામાં અગત્યનું તત્ત્વ છે લાઘવ. અને બીજું મહત્ત્વનું તત્ત્વ છે ભાષા. ભગીરથ બ્રહ્મભટ્ટ વાસ્તવવાદી લેખક છે એની પ્રતીતિ તો આ વાર્તાસંગ્રહ કરાવે જ છે. વાર્તાઓમાં આવતાં પ્રકૃતિના વર્ણનો અને વાર્તાના વિષયવસ્તુ મુજબ બદલાતી ભાષા એ પણ સુજ્ઞ ભાવકનું

ધ્યાન ખેંચે છે. વાર્તાના શીર્ષકોમાં પણ પ્રકૃતિ ડોકાયા વિના રહેતી નથી.'વીજળીનો ચમકારો','લીલા લીમડાની સુક્કી ડાળ','લીમડાની છાયા નીચે તડકો' જેવાં શીર્ષકો ઉદાહરણરૂપે જોઇ શકાય. પણ આ પ્રકૃતિનાં વર્ણનો માત્ર વર્ણનરૂપે આવતાં નથી. તે પાત્રના મનોજગતને રજૂ કરે છે. વળી, આ તત્ત્વો દરેક વાર્તામાં કંઇક જુદો જ ભાવ સૂચવે છે. જરા વિગતે આ વાત સમજીએ.

'વહેણ અને વહેળો' તથા 'વીજળીનો ચમકારો' બંને વાર્તામાં વરસાદનો ઉલ્લેખ છે. પણ બંને વરસાદ એકમેકથી જુદા છે. પહેલી વાર્તામાં વરસાદ નાથુનું ખેતર લખાઇ જાય છે ત્યારે વરસે છે. અહીં વરસાદ મા-દીકરાની નિરાધારતા સૂચવે છે. જયારે બીજી વાર્તામાં વરસાદ નાયકના પ્રથમ પ્રેમનું પ્રકરણ-તેના થોડાંક પાના-ઉઘાડી જાય છે. 'વીજળીનો ચમકારો' એ સ્મૃતિઓનો ચમકારો બની જાય છે. એ વરસાદ નાયકના હૃદયને ભીંજવનારો છે. જયારે 'વહેણ અને વહેળો' માં ગ્રામજનોની ક્રૂરતાનો સાક્ષી છે. 'ચાકડો' વાર્તામાં આવતો ઉનાળો નાયકને મોહન કુંભારની યાદ અપાવે છે. અરે, લીમડાનું ઝાડ પણ લેખકની વાર્તામાં પ્રેમનું સાક્ષી બન્યું છે. 'લીમડાની છાયા નીચે તડકો'માં લીમડો નાયક-નાયિકાના મુગ્ધ પ્રેમનો સાક્ષી છે. અને એ રીતે નાયિકાના ચિત્તમાં કાયમ માટે એ લીમડો જડાઇ જાય છે. તો 'લીલો લીમડાની સુક્કી ડાળ' વાર્તામાં પરિવારજનોથી, સમાજથી તરછોડાયેલા અક્ષયને લીમડો જ આશ્વાસન આપે છે. 'નિર્મૂળ' વાર્તામાં આંબાનું ઝાડ ઋત્વિજને વતન સાથે જોડી આપે છે. ખેતરની લીલાશ ઋત્વિજના લોહીમાં ધબકે છે. મૂળસહિત ઉખાડી નાંખવામાં આવેલા આંબાને કારણે જમીનમાં મોટો ખાડો પડી ગયો હોય છે અને એ ખાડો જોઇને ઋત્વિજ પણ નિર્મૂળ થયાનો ભાવ અનુભવે છે. ઋત્વિજનું પ્રકૃતિ સાથેનું આ તાદાત્મ્ય જોતાં રવીન્દ્રનાથની 'બલાઇ' વાર્તા યાદ આવી જાય. પ્રકૃતિ બચાવો, વૃક્ષ બચાવો એવા કોઇ નારા લગાવ્યા વિના લેખક પ્રકૃતિ સાથેના માણસના ઊંડા સ્નેહને 'નિર્મૂળ' વાર્તામાં રજૂ કરે છે.

'ચાકડો', 'સાંબેલું', 'દાતણ અને દાબડી', 'જીવતરનો કૂવો' જેવી વાર્તાઓના શીર્ષકો પણ ધ્યાન ખેંચે છે. ગ્રામસમાજમાં સહજપણે જોવા મળતી વસ્તુઓ અહીં કંઇક જુદો જ ભાવ રજૂ કરે છે.'ચાકડો' વાર્તામાં મોહન કુંભારનો ચાકડો સમયના પરિવર્તનને સૂચવે છે. શહેરીકરણના પગલે ગામડામાંથી પણ લાગણીઓ અને સંવેદનાઓ ભૂંસાતી જઇ રહી છે. તૂટેલો ચાકડો તૂટી રહેલાં સમાજને સૂચવે છે એમ કહીએ તો કશું ખોટું નથી. 'સાંબેલુ' વાર્તામાં સ્વાતિકાકીની મહેનત સાંબેલા વડે સૂચવાય છે. પણ જેમ સાંબેલા વડે અનાજ ખંડાઇ જાય છે એ જ રીતે ક્રૂર પરિવારજનો વડે સ્વાતિકાકી પીસાઇ જાય છે. 'સાંબેલું'વાર્તામાં સાબેલું સહજ રીતે પ્રતીકાત્મકતા ધારણ કરે છે. 'સાંબેલું'ની જેમ જ 'જીવતરનો કૂવો'માં કૂવો નાયકના પિતાની વ્યથા, દુઃખનું પ્રતીક બને છે. 'કબીરો' વાર્તાના આરંભે આવતું રસ્તાની ભીડ, ગંદકી તથા ઝૂંપડપટ્ટીનું વર્ણન નાયિકાની અવદશાનું સૂચન કરે છે.

'રસ્તામાં પોદળા કરેલી જગ્યા ઉપર ગાયો બેઠેલી, શાકભાજીની લારીઓ, સાયકલો, મોપેડો અને માણસો. ભીડ વીંધીને એ નીકળ્યો. ગંદા પાણીનો ખાડો ઓળંગવા જતાં એની નવી ચંપલ ફસાઇ. તેને બહાર કાઢવા જતાં એના પેંટની કોર બગડી.'

વાર્તાઓમાં આવતાં ભજનો, પંક્તિઓ, લોકગીતો અને સાહિત્યકૃતિઓના સંદર્ભો પણ મહત્ત્વના બની રહે છે. જેમ કે, 'કુંવારી નદીનો મૂંઝારો' અને 'લીલા લીમડાની સુક્કી ડાળ'માં આવતાં સાહિત્યકૃતિના સંદર્ભો અનુક્રમે રેશ્મા અને અક્ષયના તાદત્મ્યભાવને તથા શાહમૃગવૃત્તિને રજૂ કરે છે. તો ગુલાબવાડી ચૌટા વચ્ચે...' અને 'ગામમાં પિયર ને ગામમાં...' આવતાં ગીતો પ્રણયના સંવેદનને રજૂ કરે છે. 'ચાકડો' વાર્તામાં મોહન કુંભાર 'એ જુવાનીમાં ભાવે લાડવા ને ઘડપણમાં ભાવે સેવ' ગાતાં ગાતાં જે સ્નેહભરી આંખે ઘરવાળી શકરીમાં તરફ જુએ છે એ પણ નોંધપાત્ર છે. 'ડૂમો' વાર્તામાં 'ઘડપણ કોણે રે મોકલ્યું' એ ભજન ભાઇજીભાઇની વેદના વધારનારું બની રહે છે.

લેખક ભાષા વડે જ પ્રેમ અને ક્રૂરતા બંને સહજ રીતે દર્શાવી દે છે. 'મીઠા વગરનો રોટલો','વહેણ અને વહેળો' અને 'સાંબેલું' વાર્તાઓમાં લેખક ભાષા દ્વારા વ્યક્તિઓના હૃદયમાં રહેલી સંવેદનહીનતાને દર્શાવે છે. કઠોર વાસ્તવનું નિરૂપણ કરતી વાર્તાઓની ભાષા કરતાં પ્રણયનું નિરૂપણ કરતી વાર્તાઓની ભાષા તદ્દન જુદી પડે છે. લેખકની ભાષા પ્રત્યેની આ સભાનતા જ તેમની વાર્તાઓને કલાત્મક બનાવે છે. ભાષાના આવા તો અનેક દૃષ્ટાંતો આ વાર્તાસંગ્રહમાંથી મળી રહે તેમ છે. ભગીરથ બ્રહ્મભટ્ટે સામાજિક વાસ્તવ, સ્મૃતિઓ અને સંવેદનોની અનેરી ભાત અહીં રચી છે. તેમની સૂક્ષ્મ નિરીક્ષણ શક્તિ, સંવેદનવૈવિધ્ય અને ભાષાકીય સજ્જતાને કારણે આ વાર્તાસંગ્રહ 'મીઠાવાળો' બની રહે છે.

(એ-૫, અનુકૂળ ફ્લેટ, ગાયત્રી મંદિર પાસે, વિસનગર-૩૮૪૩૧૫)

॥ प्रासंगिक ॥

# हिंदी हैं हम....

**अनु मेहता**

मैं राष्ट्र  गगन के माथे पर सदियों से अंकित बिंदी हूँ।
मैं भारत की अपनी भाषा हिंदी हूँ।

भाषा वह माध्यम है जिसके द्वारा हम अपने भावों और विचारों का आदान–प्रदान करते हैं। 'भाषा' शब्द की उत्पत्ति 'भाष्' धातु से हुई है, जिसका अर्थ है– कहना या बोलना। मनुष्य की पूरी सभ्यता, संस्कृति और इतिहास भाषा पर आधारित है। भाषा समाज, देश और राष्ट्र की चेतना का सफल माध्यम है। इस संसार में हजारों भाषाएँ प्रचलित हैं। सात महाद्वीपों में विभाजित इस विश्व का सबसे बडा महाद्वीप एशिया जिसमें भारत स्थित है। पूरे भारत में अनेक भाषाएँ और बोलियाँ बोली जाती है। कहते हैं, 'चार कोस पर बदले पानी, आठ कोस पर वाणी।' भारत एक बहुभाषी देश है और संविधान की आठवीं अनुसूचि में २२ भाषाओं को मान्यता दी गई है। अगर बात हिंदी की करें तो हिंदी का जन्म प्राचीन भारतीय आर्य भाषा संस्कृत से माना जाता है। संस्कृत के पश्चात पाली, प्राकृत अपभ्रंश और फिर इन्हीं अपभ्रंशों से विविध आधुनिक भारतीय आर्य भाषाओं रूपी उद्यान का विकास हुआ जिसमें हिंदी, गुजराती, मराठी, बंगला आदि का समावेश है।

कहा गया है– ''इस भाषा रूपी उद्यान में हिंदी एक ऐसा पुष्प है जो माधुर्य, सौंदर्य और सुगंध से भरपूर है।'' इस माधुरी के कारण ही हिंदी मिष्ट है, सौंदर्य के कारण शिष्ट है और सुगंध के कारण विशिष्ट है। संविधान के भाग १७ में धारा ३४३ (१) में हिंदी  को संघ की राजभाषा का दर्जा दिया गया। इस ऐतिहासिक निर्णय को यादगार बनाने के लिए १४ सितम्बर के दिन को हिंदी दिवस के रूप में मनाया जाता है। प्रत्येक वर्ष की १० जनवरी के दिन को विश्व हिंदी दिवस के रूप में मनाया जाता है। किसी भी स्वतंत्र राष्ट्र के लिए उसकी अपनी राष्ट्रभाषा होना जरूरी है क्योंकि राष्ट्रभाषा के बिना राष्ट्र गूंगा है। राष्ट्रभाषा देश की सामाजिक, राजनीतिक और आर्थिक विकास के लिए बेहद जरूरी है तथा राष्ट्रभाषा के द्वारा ही भावात्मक एकता की स्थापना होती है। महात्मा गांधी ने राष्ट्रभाषा के कई लक्षण बताए हैं जैसे कि वह बोलने में और सीखने में सरल हो, भारत के अधिकांश लोग उसे बोलते हों, उस भाषा के द्वारा भारत वर्ष का आपसी धार्मिक, आर्थिक, राजनीतिक व्यवहार सम्यक रूप से हो सके आदि। उल्लेखनिय हैं कि हिंदी में राष्ट्रभाषा के यह सभी गुण विद्यमान हैं।

हिंदी की व्यापकता और व्यवहार शक्ति के विषय में कोई दो राय नहीं है। हम सब जानते हैं कि हिंदी ने विविध जन–आंदोलनों, स्वतंत्रता संग्राम और देश की स्वतंत्रता के संघर्ष को तीव्र बनाने में अपना बहुत बड़ा योगदान दिया है और वर्तमान में भी यह स्पष्ट है कि समृद्ध राष्ट्र के निर्माण, देश के विकास, देश की भावनात्मक राष्ट्रीय एकता, लोकतांत्रिक सफलता, सामाजिक समरसता तथा सांस्कतिक सद्भावना के लिए सर्वस्वीकृत भाषा हिंदी ही हो सकती है। रविंद्र नाथ टैगोर ने हिंदी के महत्त्व को स्पष्ट रुप से उद्घाटित करते हुए कहा है– ''भारतीय भाषाएं नदियाँ हैं और हिंदी महानदी। हिंदी हमारे देश की धरोहर है। उसका (राष्ट्रभाषा) का सम्मान राष्ट्रध्वज की तरह ही होना चाहिए। हिंदी अनेक विशिष्टताओं से समन्वित है।'' हम देखते हैं कि हिंदी की वर्णमाला दुनिया की सबसे व्यवस्थित वर्णमाला है। इसके स्वर–व्यंजनों को बडे सुव्यवस्थित ढंग से रखा गया है तथा सभी वर्णों को उच्चारण स्थान आदि की विशेषताओं के आधार पर ही क्रमबद्ध किया गया है। हिंदी की लिपि देवनागरी वैज्ञानिक लिपि है जिसमें प्रत्येक ध्वनि के लिए निश्चिन्त लिपि चिह्नों की व्यवस्था है। हिंदी के व्याकरण के नियम सरल और स्पष्ट हैं।

हिंदी का शब्दकोश विशाल और समृद्ध है, जिसमें प्रत्येक कार्य, भाव और वस्तु आदि के लिए कई शब्द विद्यमान है  तथा तत्सम, तद्भव, देशज, अंग्रेजी, अरबी, फारसी आदि भाषाओं के शब्द हिंदी शब्दकोश को बहुत समर्थ बनाते हैं। प्रगतिशीलता, सरलता और लचीलापन हिंदी की प्रकृति है। आज चारों और हिंदी का प्रभाव स्पष्ट दिखाई देता है। पूरा सिनेजगत हिंदी भाषा पर आधारित है। हिंदी सिनेमा करोडों का व्यापार कर रहा है। इसी के कारण आज मुंबई देश की आर्थिक राजधानी बन चुकी है। हिंदी मीडिया की लोकप्रिय भाषा है। हिंदी के विज्ञापन आज विश्व बाजार में उत्पादन की खपत को बढावा देने के लिए एक आवश्यकता का रूप ले चुके हैं। अंग्रेजी में प्रसारित होने वाले कार्यक्रम भी हिंदी अपनाने पर

बाध्य हो रहे हैं। अंग्रेजी की पत्रिकाओं को भी हिंदी में प्रकाशित किया जा रहा है , कारण के हिंदी पूरे देश में अधिकांशत: बोली जाने वाली भाषा है।

हिंदी साहित्य की दृष्टि से भी बेहद समृद्ध भाषा है। हिंदी की अनेक रचनाओं को विश्व के श्रेष्ठ साहित्य में स्थान प्राप्त है। हिंदी की अनेक साहित्य कृतियों को विभिन्न भाषाओं में अनुवादित किया जा रहा है। राजनीति के क्षेत्र में भी हिंदी का महत्त्व असंदिग्ध है। इस बहुभााषी तथा बहुसंस्कृति वाले देश में हिंदी राजनीतिक सजगता और जनमत निर्माण का एक महत्त्वपूर्ण राजमार्ग है। धर्म के क्षेत्र में भी हिंदी का प्रदान अविस्मरणीय है। प्राचीन काल से ही विभिन्न संत-महात्मा अपने विविध धर्मों के प्रचार-प्रसार के लिए हिंदी को ही एक सफल माध्यम के रूप में अपनाते आए हैं।

मात्र भारत में ही नहीं, पूरे विश्व में सर्वाधिक बोली जाने वाली तीन मुख्य भाषाओं में हिंदी का स्थान उल्लेखनीय है। हिंदी विश्व के करीब १००-१५० विश्वविद्यालयों में पढाई जा रही है। अनेक विदेशी लोग हिंदी में अपना अध्ययन और शोध कार्य करने में लगे हुए हैं। विश्व में अलग-अलग देशों में हिंदी साहित्य लिखा जा रहा है, जिसे प्रवासी साहित्य कहा गया है। विदेशी भाषाओं में लिखा साहित्य भी हिंदी में बड़ी संख्या में अनुवाद किया जा रहा है।

वैश्वीकरण और बाजारवाद के इस दौर में विश्व स्तर पर हिंदी एक प्रभावशाली भाषा के बडी तेजी से उभर रही है। बडी-बडी बहुराष्ट्रीय कंपनियाँ तथा कोरपोरेट वर्ल्ड हिंदी के माध्यम से अपने व्यापार को आगे बढ़ा सकने में समर्थ हो पा रहा हैं। सोशल मीडिया, कंप्यूटर और इंटरनेट पर हिंदी का प्रयोग बहुत तेजी से बढता जा रहा है। दुनिया के सबसे बडे सर्च इंजन गूगल ने भी हिंदी भाषा में अनेक साधन-सुविधाएँ प्रदान कर उसके प्रचार-प्रसार और उपयोग को वेग दिया है। हिंदी में कई ब्लॉग और वेबसाइट आज उपलब्ध है। जो लोगों के मनो-मस्तिष्क में विशेष स्थान बना चुके हैं।

आज हिंदी निसंदेह राष्ट्रभाषा के रूप में आगे बढकर हर क्षेत्र में भारत का नाम रोशन कर रही है, लेकिन दुख की बात यह है कि हमारे देश में आज भी इसे राष्ट्रभाषा नाम देने की सर्वसम्मति नहीं मिल पाई है। कुछ संकीर्ण मानसिकताएँ और राजनीतिक दांव पेच इसके मार्ग में रोड़े अटका रहे हैं। कहते हैं कि राष्ट्रभाषा का स्थान तो मातृभाषा से भी आगे है। क्यों कि हम भारत में रहने वाले लोग भारतीय पहले हैं और पंजाबी, हिंदी, मराठी, मलयाली आदि बाद में है। राष्ट्रभाषा का सम्मान तो सीधा राष्ट्र विकास के साथ जुड़ा हुआ है। अपने ही घर में राष्ट्रभाषा के दर्जे से दूर पूरे विश्व में आंतरराष्ट्रीय स्तर पर अपना परचम लहराने वाली हिंदी के महत्त्व को अनदेखा कर क्या हम अपने देश के साथ अन्याय नहीं कर रहें? स्वतंत्रता के संघर्ष पथ पर हमारा हाथ थाम कर चलने वाली भाषा से क्या अब अपना हाथ छुड़ाकर कहीं हम अपने नैतिक दायित्व से मुंह तो नहीं फेर रहे हैं? क्या ऐसा नहीं लगता कि अब भाषा से जुड़ी इन वैचारिक संकीर्णताओं और पूर्वाग्रहों को छोडने का वक्त आ गया है?

हमारा कर्तव्य बनता है कि हम हिंदी भाषा को और अधिक सफल बनाने पर गौर करें। हम उसे ज्ञान-विज्ञान की विभिन्न शाखाओं से मात्र औपचारिक तौर पर नहीं, बल्कि व्यावहारिक मायने में जोडने का प्रयत्न करें। हम प्रयत्न करें कि हिंदी सिर्फ बहुसंख्यक लोगों द्वारा बोलने वाली भाषा ही नहीं बल्कि रोजगार देने वाली भाषा भी बने। ऐसी शिक्षण नीतियाँ और नियम बनाना जरूरी है जिससे हिंदी को वेग मिले, उसका तीव्र गति से प्रचार-प्रसार हो, उसका सम्मान बढे। तथा उसका महत्त्व अक्षुण्ण बना रहे। हिंदी को सिर्फ भावुक आवेश की आवश्यकता नहीं है, बल्कि सशक्त व्यावहारिक कदम और ठोस निर्णयों की जरूरत है। इस संदर्भ में जरूरी है कि हम सब भारतवासी एकजुट होकर आत्मअवलोकन और आत्ममंथन करें। जरा सोच कर देखें। कहीं बहुत देर ना हो जाए। हिंदी स्वयंसिद्धा तो है, हमें सिर्फ इसे सम्मानपूर्वक सर्वस्वीकृत कर ज्ञान-विज्ञान और रोजगार से जोड़ भारत में निर्माण के एक नए मार्ग को प्रशस्त करना है। आज जरूरी है - एक हृदय हो भारत जननी।

(प्रभारी प्राचार्य एवं विभागाध्यक्षा (हिंदी)
आनंद इन्स्टिट्यट ऑफ पी.जी. स्टडीझ इन आर्ट्स, आनंद।)

## Posture Education in Indian Schools

P.D. Sharma

The term posture is applied to the carriage of the body or to say "correct alignment of different parts of the body." Similarly, malposture means faulty carriage or incorrect alignment of differents parts of body in respect to each other. A correct posture is a position where the bodily structure is vertically aligned and the muscles are as relaxed as possible. A correct posture also allows organic systems to function efficiently and at the same time it contributes most to the attractiveness of the person. But, now more modern acceptable term for posture is "body mechanics" because this signifies not only held positions but also movements.

**Development and Importance of Posture**

The faully erect position is a comparatively recent development in the history of mankind. Assumption of this position, while it has helped the progress of man by the freedom obtained by the fore-limbs, has put a strain on the muscular system. The erect position is not assumed or maintained easily. Little children do not attain it properly, until about three years. To assume and to maintain this position correctly, a constant muscular strength by opposing groups of muscles is needed. If these muscles become weak, then their natural tendency will be to flex the joints instead of extending them. Weak and relaxed muscles lead to slumping, drooping and exaggerated curves producing bad postures and at the same time reducing physical and organic efficiency of the body. The over-emphasis on classroom instructions, for instance, asking young pupils to sit quietly for hours together at their desks, etc. are some of the factors which lead to the numerous malpostures. The correct posture is important because (i) it affects the functioning of the organic systems; (ii) it reduces strain on muscles, ligaments, and tendons, and (iii) it increases attractiveness of the individual. In addition to affecting ones ability and his attractiveness, postures may influence a person's concept of himself and how others view him.

**Harmful Effects of Poor posture**

**1. Effect on Efficiency:**

When the human frame is not properly balanced and correctly held, the individual has to use his body at a mechanical disadvantage leading to reduced efficiency and lack of grace and poise. Poor posture means a body that is too rigid or to erect. By research it has been found that military attention position requires 20 percent more energy than an easy standing position and that an extremely relaxed standing position requires 10 percent less energy than the easy standing position.

**2. Effect on Vital Organs:**

The functions of the vital organs are affected when the heart, lungs, liver and other organs in the trunk are cramped and unduly pressed than the normal functions of circulation, respiration, digestion, etc. are interfered and hence they work with lesser efficiency for instance, a rigid (at attention) standing position restricts circulation. Research results indicate that changes in posture influence the heart-rate in static positions and also influence the required cardiac output during exercise.

**3. Effect on Personal appearance:**

Due to poor posture the personal appearance becomes depressing and uninspiring. An upright body held high with an active springy way commends respect and admiration, while on the other hand, crooked

carriage reflects weakness and dulness.

**4. Effect on mental attitude:**

Slumping and slouching of the body reflect mental depression and dullness. A well-held position indicates mental alertness and active spirit for work. Posture has strong psychological implications. It tells much about one's personality. For example, withdrawn and shy persons often display a withdrawn-type posutre, as if they are attempting to hide within themselves. The opposite-type personality (highly aggressive) often displays a very outgoing posutre, which makes one feel more obvious.

**Causes of Malpostures**

Broadly speaking, malpostures can be divided into three main heads: (1) Structural malpostures, (2) Malpostures due to long illness, and (3) Functional malpostures. The first two types of malpostures are the concern of medical men and should be treated through clinics. Similarly, some cases of postural corrections are more a task for Psychiatrics than physical educators, because many times the deviations grow out of psychological problems. School authorities should deal with functional malposutres. Current thinking is that postural evaluation must be approached from a highly individual and functional point of view. The judgement of how correct a posture must be based on corrections from the physiological, anatomical and aesthetic points of view. Given below are the main reasons for functional malpostures:

**1. Muscular Weakness:**

When the muscules are weak and flabby due to lack of exercise, the normal tendency is to droop, i.e. allowing the spine to assume exaggerated curves, abdominal muscles relax and the viscera too protrudes forward.

**2. Malnourishment:-**

Nutrition affects body structure, and a person with poort nourishment may have neither energy nor the muscular strength and to habitually hold the body parts in correct position. Inadequate nutrition may contribute to poor posture especially during the years of bodily growth when consistently poor temporary body positions gradually become part of habitual posture.

**3. Faulty desks and Seats:-**

The use of these types of desks and seats is very often the cause of bad postures especially among school children. Desks which are too high or low compel the child to stretch or to high causes pressure on the arteries of the leg and seats which are too low cause slouching. Seats placed too far from desk call for exessive leaning forward, cramping of the chest and the abdomen. Even if good and proper furniture is available, poor habits of reading and writing, holding the position in slouched position, etc. can also cause poor posutre.

**4. Defective eye-slight and hearing:**

Both these defects have bad efects on posutre. They compel the child to lean forward, while trying to read from the blackboard or to hear the teacher.

**5. Improper exercise:**

Ill-selected exercies should be done both ways. The school-going should be properly guided in this matter and at the same time they should be checked from time to time.

**6. Typical occupation:**

Certain type of occupations may also cause malpostures, for example, black smithing, gold smithing, etc. Because such persons continuously do the same type of work for hours together without giving any exercise to their respective antagonisticmuscles. Thus, some parts of their body become well developed, while other

parts remain underdeveloped.

**7. Too rapid growth during adolescence:-**

During this period the bones grow quicker than the muscles, thus throwing the body out of alignment and cansign "Forward swoop" which is technically known as "kyphosis'. Similarly a person's height may influence his posture. Short people tend to extend and extremely tall people tend to reduce their height by sitting at the joints and hunching at the upper back and neck.

**8. Carrying Weights:-**

By carrying of heavy weights daily or a bundle of books or other loads, e.g. carrying a baby on one side or on the hips, may cause a lateral curvature of the people.

**9. Use of improper belonging:-**

Ill fitting tightly worn clothes, e.g. narrow-cut pants or salvars may check free.

**10. Poor posutre of teachers:-**

The poise and posture of the teachers is very important for the school-going students, because they keep their teachers as their example and try to copy their postures. Thus a teacher having a poor posture may develop similar habits among his students. Only for this reason in the USA and the UK, persons having faulty postures are not generally preferred for teaching profession.

**11. Heredity and environment:-**

A parent with severe scoliosis will be likely to produce children with scoliosis, whereas a parent with round shoulders and a forward-neck tilt will tend to produce children who are inclined the same way. Postural similiarities between parents and children may result partly from heredity and partly from environment. Children inherit many qualities, but they tend to develop after the models that exist in the environments.

**Corrections of Malpostures**

The first step in corrections of malpostures is to understand what a particular form of poor posture a child has. Every physical educator must find out all such causes which contribute to the malpostures among his students. Before attempting any corrective work, every effort should be made to remove or check the necessary contributing cause or causes. Every physical educator should first of all try to improve the general tone and condition of the body of each student and at the same time should suggest specific exercises for sepecifc students. Malpostures are often caused by faulty habits and improvement can be brought about by correcting such habits.

Experience shows that the following is the most successful postural corrective procedure:

1. Correctly identify the postural deviation and inform the individual of its nature and the importance of correcting it.
2. Attempt to identify the basic causes of the deviation, and control the causes.
3. Motivate the individual to correct the deviation. (In the absence of such motivation, postrual, corrective exercises will probably fail)
4. Prescribe an exercise programme designed to correct the condition.
5. Periodically evaluate the effects of the programme.

Every physical educator should keep in mind that "no amount of exercise will bring about the desired result unless the individual himself desires for it."

(B-1, Swiss Avenue, Patel Colony, Opp. Manekbaug Hall, Ambawadi, Ahmedabad-380015. (Mo.) 9898870840)

## ॥ વિદ્યાવૃત્ત ॥

### કૉલેજવૃત્ત

**એરીબાસ, ન્યુ વિદ્યાનગર ખાતે બાયો-ઈન્સ્ટ્રુમેન્ટ્સ વર્કશોપ યોજાયો**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ન્યુ વિદ્યાનગરમાં આવેલી એરિબાસ કોલેજમાં ડિપાર્ટમેન્ટ ઓફ માઈક્રોબાયોલોજી દ્વારા તૃતીય વર્ષમાં અભ્યાસ કરતાં એવાં વી.પી. એન્ડ આર.પી. પટેલ સાયન્સ કોલેજ તેમજ નટુભાઇ વી. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સ કોલેજનાં ૮૬ જેટલા વિદ્યાર્થીઓને લેબોરેટરીમાં વપરાતા સાધનો અંગે થીયરી તેમજ પ્રાયોગિક જ્ઞાન આપતા બે દિવસીય બાયો-ઈન્સ્ટ્રુમેન્ટ્સ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને લેબ સ્કેલ ફર્મેટર, ગેસ ક્રોમટોગ્રાફી, યુવીવીઆઇએસ સ્પેક્ટરાફોટોમીટર, અને એચપીએલસી જેવા ઈન્સ્ટ્રુમેન્ટ અંગે સમજ આપવામાં આવી હતી. આ વર્કશોપ યોજવાનું મુખ્ય કારણ સાયન્સમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને લેબોરેટરીમાં વપરાતા સાધનોને વાપરવાની રીત, માવજતની તકેદારી તેમજ કોઇ પણ ક્ષેત્રે કામ કરવાની આવડત વિદ્યાર્થીમાં કેળવાય તે હતું, તેમજ વિદ્યાર્થીની કામ કરવાની કળા અને કૌશલ્ય દીપી ઊઠે એવો આશય પણ રહેલો હતો. આ સમગ્ર વર્કશોપનું આયોજન અને માર્ગદર્શન સંસ્થાનાં ઈન-ચાર્જ ડૉ. ભક્તિ બાજપાઇ તેમજ વર્કશોપ કન્વિનર ડૉ. શિલ્પા ગુપ્તે અને તેમની ટીમનાં સભ્યો ડૉ. મુકુંદ ઠાકુર, શ્રી સ્નેહલ ઇંગ્લે, ડૉ. આરિફ ખાન, ડૉ. અનુરભ મિશ્રા તેમજ અલ્પેશભાઇ, મહેન્દ્રભાઇ અને સંજયભાઇ વગેરે સેવકભાઇઓના દ્વારા થયું હતું.

**એન.વી. પાસ કોલેજમાં શિક્ષક દિન અને જન્માષ્ટમીની ઉજવણી**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત નટુભાઇ વિ. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સીઝના ફેકલ્ટી ઓફ મ્યુઝિક,ડાન્સ એન્ડ થીએટર તથા એન.એસ.એસ.ના સંયુક્ત ઉપક્રમે 'સ્વાભિમાન' શીર્ષક હેઠળ શિક્ષક દિન અને જન્માષ્ટમીની ઉજવણી કરવામાં આવી હતી. ઉજવણીની શરૂઆતમાં વિદ્યાર્થીઓએ અધ્યાપનકાર્ય કર્યું હતું. ત્યારબાદ કોલેજના આચાર્યશ્રી ડૉ. બાસુદેબ બક્ષી તથા કોલેજના દરેક શૈક્ષણિક તથા બિન-સૈક્ષણિક સ્ટાફ મેમ્બરનું પુષ્પગુચ્છ, ગ્રીટિંગ કાર્ડ્સ અને મિઠાઇ આપીને સન્માન કરાયું હતું. સીવીએમ નોન-એકેડેમિક ફોરમના કોઓર્ડિનેટર ડૉ. યોગેશ પટેલે 'સ્વાભિમાન' શીર્ષકની યથાર્થતા વિશે જણાવ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા આયોજિત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓએ અને શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શ્રેષ્ઠ ગ્રીટિંગ કાર્ડ, શ્રેષ્ઠ રંગોળી તથા શ્રેષ્ઠ અધ્યાપક જેવી સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યાં હતાં.

આચાર્યશ્રી ડૉ. બાસુદેબ બક્ષીએ શિક્ષક દિનના મહત્ત્વ વિશે જણાવી વિદ્યાર્થીઓને સર્વાંગી વ્યક્તિત્વ વિકાસ સાધવા અનુરોધ કર્યો હતો તથા કાર્યક્રમના સફળ આયોજન બદલ મધ્યસ્થ સમિતિના વાઇસ પ્રેસિડનેન્ટ પ્રા. શ્રેયાબેન શાહ તથા ઈન્ચાર્જ અધ્યાપકગણ પ્રા. કાર્તિક જગતાપ, ડૉ. તેજસ ઠક્કર, ડૉ. ધનંજય ધ્રુવ, પ્રા. મયુર પટેલ અને વિદ્યાર્થી સ્વયંસેવકોની પ્રશંસા કરી હતી. કાર્યક્રમના અંતે વિદ્યાર્થી પ્રતિનિધિ શ્રી દર્શિત શાહે આભારવિધિ કરી હતી.

**સેમકોમ કોલેજ ખાતે શિક્ષકદિન સાથે ક્વિઝ સ્પર્ધા યોજાઇ**

સેમકોમ કોલેજ ખાતે શિક્ષકદિનની ઉજવણીના ભાગરૂપે શિક્ષક દિવસની સાથે ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના ૪૨ વિદ્યાર્થીઓએ એક દિવસ માટે શિક્ષકની ભૂમિકા ભજવી. પ્રથમ વર્ષ બીબીએ, બીબીએ આઇટીએમ, બીસીએ, બીકોમ અને માસ્ટર ઓફ કોમર્સ (ઇ-બિઝનેસ) માં વિવિધ વિષયો ભણાવ્યા હતા. જેમાંથી ૧૪ શિક્ષકોને બેસ્ટ ટીચરનો એવોર્ડ આપવામાં આવ્યો હતો.

જ્યારે દિવસના બીજા સત્રમાં ક્વિઝ સ્વર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા માટે ૧૫ ટુકડીઓએ નોંધણી કરાવી હતી, જેમાંથી ૬ ટુકડીઓ ફાઇનલમાં પહોંચવા પામી હતી. ફાઇનલ રાઉન્ડમાં પ્રશ્નોની વ્યાપક શ્રેણી જેવી કે વાણિજ્ય, શિક્ષણ, ટેક્નોલોજીનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

આ ક્વિઝના પ્રથમ વિજેતા કેવિન વૈષ્ણવ (ટીવાયબીબીએ આઇટીએમ) અને પુણ્ય વર્મા (એસવાયબીબીએ) થયા હતા. દ્વિતીય ઈનામ વિવેક પટેલ (ટીવાયબીબીએઆઇટીએમ અને પૂજા પટેલ થયા હતા. જ્યારે તૃતીય સ્થાને વિશ્રુત પટેલ અને લવ ભાગવાની (એસવાયબીબીએએઆઇટીએમ) થયા હતા. આ સ્પર્ધાના ક્વિઝ માસ્ટર તરીકે કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને હોરિઝોન કેરીયર સોલ્યુશનમાં ક્વિઝ માસ્ટર તરીકેની સેવા આપતા મિ. ભૂષણ પટેલે સમગ્ર સ્પર્ધાનું સંચાલન કર્યું હતું.

આચાર્યા ડૉ. વહીદા થોમસના માર્ગદર્શન હેઠળ

વિદ્યાર્થી મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ ડૉ. રીના દવે, કો-ઓર્ડિનેટર પ્રા. અમી ત્રિવેદી, પ્રા. જો મેરી જ્યોર્જ, ડૉ. નિમેષ રાવલ, પ્રા. બંસરી ભટ્ટના સહિયારા પ્રયાસથી આ કાર્યક્રમ સફળ રહ્યો હતો.

**સેમકોમ ખાતે 'પડકારો' અને 'સ્વસંચાલન' અંગે કાર્યશિબિર યોજાઈ**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ ખાતે 'પડકારો અને સ્વસંચાલન' અંગે કાર્યશિબિરનું આયોજન કરાયું હતું. આ કાર્યશિબિરના વકતા તરીકે કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને 'તારીક્ષીર' પુસ્તકના લેખક ખ્યાલ પટેલ હતા. તેઓએ વિદ્યાર્થીઓને સફળતા માટે ધ્યેય નક્કી કરી તેના સિદ્ધાંતોના અમલીકરણ અંગે પ્રેરણા આપી હતી. તેઓએ વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે સમગ્ર વિશ્વ ઇચ્છે છે કે સફળ થાઓ, ભલે ને તે સફળતાના માર્ગમાં ગમે તેટલા અવરોધો ઊભા થાય. તેઓએ ૫ વર્ષના લક્ષ્યાંકને વાર્ષિક, માસિક, સાપ્તાહિક, અને છેલ્લે દૈનિક સુધી લાવવા ઉપર ભાર મૂક્યો હતો. સાથે તેઓએ ૬ ડિગ્રી સિદ્ધાંતોને પણ યોગ્ય ઉદાહરણો સાથે વર્ણવ્યા હતા. લેખક બનવા માટે તેમની યાત્રા વિશે વાત કરતી વખતે તેઓએ અસફળતાના અસંખ્ય અનુભવોનું વર્ણન કર્યું હતું.

'તારીક્ષીર' એ દસ વર્ષ પૂર્વે લખાઇ ચૂકી હતી અને પ્રકાશિત તાજેતરમાં જ કરાઇ એનું કારણ એ હતું કે જેમને પણ પ્રકાશન માટે સંપર્ક કર્યો તેઓએ બધાએ 'તારીક્ષીર'ને પ્રકાશિત કરવાનો અસ્વીકાર કર્યો હતો. તેઓએ એ હકીકત ઉપર ભાર મૂક્યો હતો કે તેમની વાર્તા ૯૭ વાર નકારવામાં આવી હતી. અને ફક્ત ૯૭નો અસ્વીકાર પછી તેઓને સમજાયું કે તેની રચના સાથે કંઇક ખોટું હોવું જોઇએ અને તેણે ટીકાકારોને સ્વીકારવાનું શરૂ કરી, સુધારો કરવાના શરૂ કર્યા. આથી તેઓએ વિદ્યાર્થીઓને ભારપૂર્વક જણાવ્યું કે જ્યારે પણ આપણા વાલીઓ કે શિક્ષકો કોઇ ભૂલ બતાવે તો તેને હકારાત્મક અભિગમ સાથે સ્વીકારી તેને સુધારવાની કોશિશ કરવી જોઇએ કેમ કે એ લોકો આપણી સફળતા ઇચ્છતા હોય છે. તેઓએ વિદ્યાર્થીઓને અવારનવાર કહ્યું તેઓએ તેમની ભૂલોનું પુનરાવર્તન ના જ કરવું જોઇએ અને તેમના લક્ષ્યરૂપી માર્ગમાં આવતી તમામ તકોને ઝડપી લેવી જેથી તેઓ સફળ થાય. આ કાર્યશિબિરમાં કુલ ૧૫૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આચાર્યા ડૉ. વહીદા થોમસના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થી મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ ડૉ. રીના દવે, કો-ઓર્ડીનેટર પ્રા. રેનિલ થોમસ અને ડૉ. સ્વાતિ પરબે આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રયાસ કર્યો હતો.

**નલિની કૉલેજમાં વિદ્યાર્થીનીઓ માટે સેલ્ફ ડિફેન્સ ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન**

સીવીએમ સંચાલિત એન.એ. એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કૉલેજમાં વિમેનસેલ, એન.સી.સી. ગર્લ્સ વિભાગ અને જે.સી.આઇ. આણંદના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીનીઓ માટે સેલ્ફ ડિફેન્સ ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત ચારુતર વિદ્યામંડળના નોન એકેડેમિક ફોરના કોર્ડિનેટર ડૉ. યોગેશભાઇ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને કૉલેજના આચાર્યશ્રી ડૉ. ઘનશ્યામસિંહ ગઢવી ઉપસ્થિત રહ્યા હતાં. જેસીઆઇ જેજે વિંગના ઝોન ડાયરેક્ટર શ્રી જીગ્નેશભાઇ મિસ્ત્રી, જેસીઆઇના શ્રી હિરેશનભાઇ શાહ, શ્રી મીરાંગભાઇ શાહ, જેજે વિંગના ચેરપર્સન શ્રી જીત શાહ ઉપસ્થિત રહ્યા હતા. શ્રીમતી નયનાબેન દવે, કું. ધારા, કુ. નિષ્ઠાએ કૉલેજની વિદ્યાર્થીનીઓને કરાટેની તાલીમ આપી તેનું જીવનમાં મહત્ત્વ સમજાવ્યું હતું. એન.સી.સી. ગર્લ્સ ઓફીસર લેફ્ટનન્ટ ડૉ. ઉમા શર્માએ સેલ્ફ ડિફેન્સ માટે વિદ્યાર્થીનીઓને જરૂરી માર્ગદર્શન પુરું પાડ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે મહેમાનશ્રીઓનો પરિચય વિમેન સેલના કન્વીનર ડૉ. અનિતાબેન સાળુંકેએ કરાવ્યો હતો. કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. ઉમાબેન શર્માએ કર્યું હતું. અંતે આભારવિધિ ડૉ. સાધનાબેન પટેલે કરી હતી.

**સીવીએમ હોમસાયન્સમાં હિન્દી દિવસની ઉજવણી**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સી.વી.એમ. હાયર સેકન્ડરી હોમસાયન્સ શાળામાં આચાર્યા શ્રીમતી સુચિતાબેનના માર્ગદર્શન હેઠળ હિન્દી દિવસની ઉજવણી અંતર્ગત સંસ્થામાં યોજાયેલ સુલેખન સ્પર્ધામાં ૭૪ તથા ગીત સ્પર્ધામાં ૧૨ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. સુલેખન સ્પર્ધામાં પ્રથમ નંબરે રાવલ રચના તથા દ્વિતીય નંબરે સોલંકી લીલા અને ગીત સ્પર્ધામાં પરમાર મિનાક્ષી પ્રથમ તથા દ્વિતીય નંબરે આવેલ. જેમને આર.પી.ટી.પી. હાયર સેકન્ડરી શાળામાં હિન્દી દિવસની ઉજવણી માટે મોકલ્યા હતા. જ્યાં ગીત સ્પર્ધામાં જોષી તુલસી રાજીવકુમારનો તૃતીય નંબર આવ્યો હતો. જેમને શાપુરજી હોલમાં ૧૪ સપ્ટેમ્બરે યોજાયેલ હિન્દી દિવસની ઉજવણીના કાર્યક્રમમાં ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. શાળાની સ્પર્ધાઓનું સંચાલન વિનોદભાઇ પરમારે કર્યું હતું.

**સીવીએમ હોમસાયન્સ હાયર સેકન્ડરી, વિદ્યાનગર ખાતે ન્યુટ્રીશન સપ્તાહની ઉજવણી અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ યોજાઈ**

ચારુતર વિદ્યામંડળ, વલ્લભવિદ્યાગનર સંચાલિત સીવીએમ હોમસાયન્સ હાયર સેકન્ડરી દ્વારા ન્યુટ્રીશન સપ્તાહ ઉજવણી અંતર્ગત વિવિધ આંતરશાળા સ્પર્ધાઓ યોજાઇ, જેમાં શાળાના આચાર્યા શ્રીમતી સૂચિતાબેન ખરાદીના માર્ગદર્શન હેઠળ શાળાના સમગ્ર સ્ટાફ દ્વારા આ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ચારુતર વિદ્યામંડળના ચેરમેન શ્રી ભીખુભાઇ પટેલની અધ્યક્ષતામાં એસ.એમ. પટેલ કોલેજ ઓફ હોમ સાયન્સના પ્રિન્સિપાલ ડૉ. ભાવનાબેન ચૌહાણના મુખ્ય મહેમાનપદે આ કાર્યક્રમ યોજાયો હતો. ભાવનાબેન ચૌહાણે મુખ્ય વક્તવ્ય આપ્યું હતું. આંતરશાળા સ્પર્ધામાં કુલ ૪૫ કરતાં વધુ શાળાઓએ ભાગ લીધો હતો. જેમાં વાનગી સ્પર્ધા તથા નાના બાળકોની 'હું એમ આઈ' સ્પર્ધા યોજાઇ હતી.વિજેતાઓને પ્રમાણપત્ર, શિલ્ડ તથા ઇનામથી નવાજવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ભગિની સંસ્થાના આચાર્યો, વિવિધ સ્કૂલના શિક્ષકો, અંધ-અપંગ સંસ્થાના વડા સુધાબેન પટેલ તથા વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. નિર્ણાયક તરીકે હોમસાયન્સ કોલેજનો સ્ટાફ,ફાર્મસી કોલેજનો સ્ટાફ, તથા આંગણવાડીના શિક્ષકોનો સહયોગ પ્રાપ્ત થયો હતો. આ સમગ્ર કાર્યક્રમના આર્થિક સહયોગ સી.સી. પટેલ લોકવિજ્ઞાન કેન્દ્ર, વલ્લભ વિદ્યાનગર દ્વારા પ્રાપ્ત થયો હતો અને તેના પ્રતિનિધિ તરીકે મિત્તલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના શ્રીમતી ડોલીબેન મોહેએ કર્યું હતું. આભારવિધિ શ્રી નરેશભાઇ પટેલે કરી હતી. સીવીએમના ચેરમેન શ્રી ભીખુભાઇ પટેલે આશીર્વચન આપીને સમગ્ર કાર્યક્રમની સફળતા માટે અભિનંદન આપ્યા હતા.

**ચારુતર વિદ્યામંડળ સંચાલિત ગો.જો. શારદા મંદિરમાં શિક્ષકદિનની ઉજવણી કરાઇ**

ચારુતર વિદ્યામંડળ-વલ્લભ વિદ્યાનગર સંચાલિત ગો.જો. શારદામંદિરમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં માધ્યમિક વિભાગની ૨૬ વિદ્યાર્થિનીઓએ શિક્ષકો તેમ જ સેવકભાઇઓની અલગ-અલગ ભૂમિકા અદા કરી હતી. શિક્ષકદિન નિમિત્તે શિક્ષકનો રોલ અદા કરતી વિદ્યાર્થિનીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આમ શિક્ષક તરીકેની પોતાની જવાબદારીઓ નિભાવી હતી. શિક્ષક દિનમાં ભાગ લેનાર સર્વ વિદ્યાર્થિનીઓને શાળાના આચાર્યા રીટાબેન પટેલ અને શિક્ષકમિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા.

**ગો.જો. શારદા મંદિર સ્વચ્છ ભારત સ્વચ્છ વિદ્યાલય અભિયાનમાં જિલ્લામાં પ્રથમ નંબરે**

તા. ૨૯-૦૮-૨૦૧૮ના રોજ પરમગુરુ પાઠશાળા મુકામે ભારત સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલય નવી દિલ્હી અંતર્ગત જિલ્લા કક્ષાનો (શહેરી) સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર-૨૦૧૭ સમારોહ યોજાઇ ગયો. જેમાં ચારુતર વિદ્યામંડળ સંચાલિત ગો.જો. શારદા મંદિરને આણંદ જિલ્લામાં પ્રથમ નંબરે રૂ. ૧૫૦૦૦- પુરસ્કાર અને પ્રમાણપત્ર જિલ્લા શિક્ષણાધિકારીશ્રી એમ.પી. પરમાર સાહેબ દ્વારા એનાયત કરવામાં આવ્યા. આ સિદ્ધિ બદલ ચારુતર વિદ્યામંડળના ચેરમેનશ્રી એન્જી. ભીખુભાઇ બી. પટેલ સાહેબ અને માનદ્ મંત્રીશ્રી ડૉ. એસ.જી. પટેલ સાહેબે શાળાના આચાર્યા તથા તમામ પરિવારને શુભેચ્છા પાઠવી હતી.

**એમ.યુ. પટેલ ટેકનિકલ હાઈસ્કૂલમાં ટેકનિકલ અભ્યાસક્રમો માટેનો માર્ગદર્શન કાર્યક્રમ**

ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર સંચાલિત એમ.યુ. પટેલ ટેકનિકલ હાઇસ્કૂલમાં આચાર્યશ્રી ડૉ. શંકરભાઇ પારગીના માર્ગદર્શન હેઠળ ટેકનિકલ અભ્યાસક્રમો માટેના માર્ગદર્શન કાર્યક્રમ યોજાઇ ગયો. આ કાર્યક્રમમાં બીબીઆઇટીમાંથી માર્ગદર્શક તરીકે પ્રો. અરૂણાબેન જે. સોલંકી, પ્રો.પિન્કલબેન એમ. મહંત અને પ્રો. બીનલબેન જે. જાડાવાલા હાજર રહ્યા હતા. તેમણે આ શાળાના ટેકનિકલ વર્ગોમાં અભ્યાસ કરતા ધો.૧૦ના વિદ્યાર્થીઓને ઓડીયો-વીઝ્યુઅલ દ્વારા ટેકનિકલ અભ્યાસક્રમો વિશે વિસ્તૃત અને ઉપયોગી માહિતી રસપ્રદ રીતે આપી હતી. ડીગ્રી તથા ડીપ્લોમા એન્જિનીયરીંગની વિવિધ શાખાઓ વિષે ઉદાહરણો સહિત સમજૂતી આપી હતી. સરકારી કોલેજો, ગ્રાન્ટેડ કોલેજો અને ખાનગી કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયા વિશે સરળ ભાષામાં છણાવટ કરી હતી. આ ઉપરાંત ધો.૧૦ અને ધો.૧૨ પછીના અભ્યાસક્રમોમાં, સરકારશ્રી તરફથી એસ.સી, એસ.ટી., ઓબીસી વિદ્યાર્થીઓને મળતી સવલતો તથા સમગ્ર વિદ્યાર્થીઓને મળતી ખાસ સવલતો વિશે પણ સમજ આપી હતી. અંતમાં વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી યોજાઇ હતી. આ કાર્યક્રમનું સંચાલન શ્રી હસમુખભાઇ પી. ધામેચાએ

કર્યું હતું. તથા શાળાના નિરીક્ષકશ્રી ગુણવંતભાઇ, શિક્ષકો શ્રી રમણભાઇ, શ્રી ડાહ્યાભાઇ, શ્રીમતી ઈન્દુબેન, શ્રીમતી મિત્તલબેન, શ્રીમતી ઈન્દીરાબેન વગેરે હાજર રહ્યા હતા.

**જન્માષ્ટમીની ઉજવણી**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત એમ.યુ. પટેલ ટેકનિકલ હાઈસ્કૂલમાં આચાર્ય ડૉ. શંકરભાઇ પારગીના માર્ગદર્શન હેઠળ શિક્ષકશ્રી ડાહ્યાભાઇ ચૌધરી તથા ધર્મિષ્ઠા ધારિયા દ્વારા જન્માષ્ટમીના પર્વની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્વાધ્યાય પરિવારમાંથી શ્રી શંકરભાઇ પટેલ અને મુકુન્દભાઇ ઉપસ્થિત રહ્યા હતા, જેઓનું આચાર્યશ્રીએ પુષ્પગુચ્છ આપી સ્વાગત કર્યું હતું. શિક્ષકશ્રી ડાહ્યાભાઇએ તેમનો પરિચય આપ્યો હતો. મહેમાનશ્રી શંકરભાઇ પટેલે પ્રસંગોચિત ઉદ્બોધન કરતાં કૃષ્ણ મહિમાનું ગાન કરી જન્માષ્ટમી પર્વનું માહાત્મ્ય સમજાવ્યું હતું. શાળાના વિદ્યાર્થી ગૌરાંગ તેમજ નિર્મલે કૃષ્ણભક્તિગીત રજૂ કર્યું હતું. શાળાની વિદ્યાર્થિનીઓએ અભિનય કૃષ્ણભક્તિગીત રજૂ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષકશ્રી ગુણવંતભાઇ વાળંદે કર્યું હતું. આભારવિધિ કુ. ધર્મિષ્ઠાબેન ધારિયાએ કરી હતી.

**ટી.વી. પટેલ હાયર સેકન્ડરીમાં શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી.**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી. પટેલ હાયર સેકન્ડરી - સામાન્ય પ્રવાહ દ્વારા પૂર્વ રાષ્ટ્રપતિ ભારતરત્ન ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિન ૫-સપ્ટેમ્બરને ભારતભરમાં ‘શિક્ષક દિન’ તરીકે ઉજવવામાં આવે છે. શાળાના આચાર્યશ્રી વિજયકુમાર સુથારના અધ્યક્ષસ્થાને અને સુપરવાઇઝરશ્રી સી.કે. ચૌધરી સાહેબના મુખ્ય મહેમાનપદે યોજાયેલા શિક્ષકદિન કાર્યક્રમમાં વિદ્યાર્થી ભાઇ-બહેનોએ શિક્ષક તરીકે વર્ગકાર્ય કરાવ્યાના અનુભવો વર્ણવ્યા હતા અને શિક્ષકોનું પુષ્પથી અભિવાદન કર્યું હતું. ધોરણ-૧૨ની વિદ્યાર્થિની કુ.પૂજા ગરોડાએ ડૉ.રાધાકૃષ્ણનના જીવન અને ઉપલબ્ધિઓ વિશે માહિતી આપી હતી. કુ. ધુપા પટેલ અને કું.હેત્વી વાઘેલાએ નિરીક્ષક તરીકે ભૂમિકા ભજવી હતી. શિક્ષક દિન ઉજવણીનું આયોજન શિક્ષક શ્રી હર્ષદકુમાર વાઘેલા, શ્રી નરેન્દ્ર વ્યાસ અને શ્રીમતી એ.ડી. પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું. જેમાં ૬૮ જેટલા વિદ્યાર્થી ભાઇ-બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આચાર્યશ્રી સુથાર સાહેબે સૌ શિક્ષકોને ગૌરવાન્વિત કરાવનાર ડૉ. રાધાકૃષ્ણનને આદર્શગણી શિક્ષકોને તેમના પ્રેરણાપથ પર ચાલવા આહ્વાન કર્યું અને વિદ્યાર્થી ભાઇ-બહેનોએ સ્વયં શિક્ષણ કાર્ય કરાવ્યું તે બદલ અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ધો.૧૨ની વિદ્યાર્થિની કુ. યુક્તિ રબારીએ કર્યું હતું.

**ટી.વી. પટેલ હાયર સેકન્ડરીમાં નિબંધ લેખન સ્પર્ધા યોજાઇ**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી. પટેલ હાયર સેકન્ડરીમાં ૩૦-૮-૨૦૧૮ના રોજ શાળાના આચાર્યશ્રી વિજયકુમાર સુથારના માર્ગદર્શન હેઠળ પ્રવૃત્તિ ઇન્ચાર્જ શ્રી એલ.એલ. તળપદા, શ્રી પી.એસ. સોલંકી અને શ્રી સી.જી. પટેલ દ્વારા ‘જળ એજ જીવન’ વિષય ઉપર નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થી ભાઇ-બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. પાણીની પશુ, પક્ષી, પ્રાણી અને મનુષ્યના જીવન માટે અનિવાર્યતા અને જીવસૃષ્ટિ માટે અગત્યનો મુખ્ય સ્રોત પાણી છે, જો પાણી પૃથ્વી ઉપર ઉપલબ્ધ ના હોત તો અન્ય ગ્રહોની જેમ કદાચ જીવસૃષ્ટિના સર્જનની કલ્પના અશક્ય હોત. પાણી વિના ખેતી, ઉદ્યોગો અને અન્ય જીવન જરૂરિયાતનું શું થાત તે અંતર્ગત પાણીનું મહત્ત્વ વિશે પોતાના વિચારો નિબંધ લેખન દ્વારા વ્યક્ત કર્યા હતા. સ્પર્ધામાં બદ્રીનીસા પઠાણ-પ્રથમ, જિગીષા વિશ્વકર્મા-દ્વિતીય અને નૈનવાણી અંજલિ-તૃતીય ક્રમે વિજેતા થયા હતા. આચાર્યશ્રીએ સૌ આયોજક શિક્ષકો અને સ્પર્ધામાં ભાગ લેનાર તેમજ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી. પટેલ હાયર સેકન્ડરી સામાન્ય પ્રવાહમાં તા. ૩૧-૮-૨૦૧૮ના રોજ એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર શ્રી આર.બી. ઝાલા, શ્રી પી.આર. સોલંકી અને શ્રીમતી એચ.એમ. રાઠોડ દ્વારા સેમિનારનું આયોજન શાળાના આચાર્યશ્રી વિજયકુમાર સુથારના અધ્યક્ષસ્થાને અને ત્રિભોવનદાસ પટેલ ફાઉન્ડેશન-આણંદ ખાતે કાર્યરત ‘ચાઇલ્ડ લાઇન’ના સિટી-કોઓર્ડિનેટર અદિતિ પંડિતના મુખ્ય મહેમાનપદે કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાનપદેથી સુશ્રી અદિતિ પંડિતે શાળાના ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ના ૫૬૦ જેટલા વિદ્યાર્થી ભાઇ-બહેનોને વર્તમાન સમયમાં માતા અને બાળકોની સુરક્ષા માટે ૧૦૯૮ નિઃશુલ્ક હેલ્પ લાઇન અંગે સમાજમાં જાગૃકતા આવે તે માટે ઓડિયો-વિડીયો ટેલિફિલ્મ દ્વારા માહિતી આપી બાળમજૂરી નાબૂદી, બાળકોના જાતીય શોષણ અને બાળ અપરાધ કરતા અટકાવવા અને ગુન્હાહિત માનસિકતા તરફ ના પ્રેરાય તે માટે કાઉન્સેલિંગ કરવા અંગે વિસ્તૃત સમજ આપી

હતી અને માતા તેમજ બાળકોની સુરક્ષા માટે ૧૦૯૮ સેવાનો પ્રચાર-પ્રસાર થાય અને આવા બાળકોનું જીવન શ્રેષ્ઠ બને તે માટે ચાઈલ્ડ લાઈન હંમેશા પ્રયત્નશીલ રહેશે, જેમાં સમાજનો સાથ મળે તેવી અપીલ કરી હતી. આચાર્યશ્રી વિજયકુમાર સુથારે એન.એસ.એસ.ના સભ્યો અને ચાઈલ્ડ લાઈન સંસ્થાના સંચાલક અને ટીમને અભિનંદન પાઠવ્યા હતા. શ્રીમતી એચ.એમ. રાઠોડે આભાર વ્યક્ત કર્યો હતો જ્યારે શ્રી હર્ષદકુમાર વાઘેલાએ સેમિનારનું સંચાલન કર્યું હતું.

**આઈ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલમાં શિક્ષક દિનની ઉજવણી:-**

૫મી સપ્ટે એ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મદિન, આ દિવસ સમગ્ર ભારતમાં શિક્ષકદિન તરીકે ઉજવાય છે. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલમાં તા. ૫-૯-૨૦૧૮ના રોજ શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી. શાળામાં વિદ્યાર્થીઓએ આચાર્ય, નિરીક્ષક, શિક્ષક, સેવક તરીકેની વિવિધ ફરજો અદા કરી હતી. શાળામાં કુલ ૭૧ વિદ્યાર્થીઓએ આ ઉજવણીમાં ભાગ લીધો હતો.

ઉજવણીના અંતે સમાપન સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં એન.એચ. પટેલ બી.એડ્.કોલેજના પ્રાધ્યાપિકા ડૉ.જયશ્રીબેન દીક્ષિતે ખાસ હાજરી આપી વિદ્યાર્થીઓને શિક્ષકનું મહત્ત્વ સમજાવ્યું હતું. શાળાનાં આચાર્ય ડૉ. મહેશ ખ્રિસ્તીએ બાળકોને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

આ દિને શાળાના વિદ્યાર્થી મીત નિલેશભાઈ પટેલે આચાર્યની ભૂમિકા ભજવી હતી અને વ્રજ પટેલે નિરીક્ષકની ભૂમિકા ભજવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષકશ્રી ભાવેશભાઈ ભટ્ટ, રાજેશભાઈ તથા ભાવનાબેન દલવાડીએ કર્યું હતું. શાળાના અન્ય શિક્ષકોએ નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી.

**આઈ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલમાં કૃષ્ણો જન્મોત્સવની ઉજવણી**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈ.બી. પટેલ ઇંગ્લીશ સ્કૂલમાં જન્માષ્ટમીની ઉજવણી ખૂબ ઉત્સાહભેર કરવામાં આવી હતી. આ પર્વની ઉજવણી પ્રસંગે શાળાના માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના વિદ્યાર્થિનીઓ અને વિદ્યાર્થીઓએ મનમોહક નૃત્ય પ્રસ્તુત કર્યા હતા. કૃષ્ણભક્તિ તેમજ કૃષ્ણ અને રાધાના મનોભાવ પ્રગટ કરતાં વિવિધ ગીતો પર લગભગ ૩ થી ૪ નૃત્ય પ્રસ્તુત કરાયા હતાં. આ ઉપરાંત આમ કાંટાવાલા, પારેખ દિયા વગેરેએ સુંદર ભજન પ્રસ્તુત કર્યા હતા. શાળાના વિદ્યાર્થીઓએ રાસની પ્રસ્તુતિ કરી હતી. આમ, સમગ્ર વાતાવરણ કૃષ્ણમય બની ગયું હતું. હાલમાં જ બાળકવિનો પુરસ્કાર મેળવનાર ગઢવી કુશલ દ્વારા સુંદર દોહા અને છંદ લલકારાતા સૌ ઉત્સાહમાં આવી ગયા હતા. કાર્યક્રમના સમાપન પ્રસંગે આચાર્યશ્રી મહેશભાઈ ખ્રિસ્તીએ પણ સુંદર છંદ લલકાર્યા હતા. તેમજ સૌને જન્માષ્ટમીની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી કલ્પનાબેન પટેલે કર્યું હતું.

**આઈ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલમાં ઉજવાયેલ રક્ષાબંધનનો તહેવાર**

ચારુતર વિદ્યામંડળ દ્વારા સંચાલિત આઈ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલ (મા.,ઉ.મા.) માં રક્ષાબંધનનો તહેવાર ઉજવાઈ ગયો.

ભારત દેશ ભાઈ-બહેનના પવિત્ર સંબંધના દૃષ્ટાંતોથી ભરપૂર છે.આ પવિત્ર અને અતૂટ બંધન ખૂબ જ ઉચ્ચ કોટીનું ગણાય છે. આઈ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલ (મા., ઉ.મા.) વિદ્યાનગરમાં અભ્યાસની સાથે સાથે કૌટુંબિક ભાવના અને સામાજિકતાના પાઠ પણ ભણાવવામાં આવે છે. આવો જ એક પ્રયાસ સતત વર્ષો-વરસથી આ શાળામાં કરવામાં આવે છે. શાળાના શિક્ષકશ્રી દર્શન એચ. સુથાર દ્વારા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ વચ્ચે પવિત્ર સંબંધનું સાતત્ય જળવાય એ હેતુસર રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી. જેમાં બહેનોએ તમામ ભાઈઓને ભાલ-તિલક કરી, રક્ષા બાંધી ભાઈઓએ પણ આ બહેનોને ઉજજવળ ભવિષ્ય અને તંદુરસ્તીના આશીર્વાદ આપ્યા.

આચાર્યશ્રી ડૉ. મહેશ સ્ટેલીન ખ્રિસ્તી તથા શાળાના નિરીક્ષકશ્રી મહેન્દ્રભાઈ આર. સેવક દ્વારા વિદ્યાર્થી ભાઈ-બહેનોને આ પર્વની ઉજવણીનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું. વિદ્યાર્થી બહેનોએ આચાર્યશ્રી, નિરીક્ષકશ્રી તથા શિક્ષકશ્રીઓને પણ રક્ષા બાંધીને હર્ષની લાગણી વ્યક્ત કરી.

આચાર્યશ્રી તથા નિરીક્ષકશ્રી દ્વારા શાળામાં હરહંમેશ તંદુરસ્ત વાતાવરણ સર્જવાના નિતનવા પ્રયાસો કરવામાં આવે છે.

## ॥ સૂચના ॥

૧. ‘વિ-વિદ્યાનગર’ વલ્લભ વિદ્યાનગરના શૈક્ષણિક ટ્રસ્ટ ચારુતર વિદ્યામંડળ તરફથી દર માસે નિયમિત પ્રકાશિત થતું શિક્ષણ, સાહિત્ય અને સંસ્કાર વિષયક સામગ્રી પીરસતું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામાયિક છે. માનવજીવનને ઉન્નતિકારક અને યુવાવર્ગને પ્રેરક, શિષ્ટ સરળ શૈલીમાં, મૌલિક, અનુવાદિત ઉપરાંત સંચય સ્વરૂપ (digest)માં પણ સામગ્રી આપવામાં આવે છે.

૨. ।વિ।માં મોકલેલું લખાણ મૌલિક હોવું જરૂરી છે. પ્રકાશન અર્થે કૃતિ મોકલતી વખતે લેખકે એની ઝેરોક્ષ નકલ પોતાની પાસે અવશ્ય રાખવી. તંત્રીને ઝેરોક્ષ નકલ મોકલવી નહિ. મૂળ લખાણ જ મોકલવું. લખાણ કાગળની એક બાજુએ, ફૂલસ્કેપ કાગળ પર હાંસિયો પાડીને જ મોકલવું જરૂરી છે. પોસ્ટકાર્ડ કે ઇન્લેન્ડ પર મોકલેલું લખાણ પ્રકાશન માટે સ્વીકારવામાં આવશે નહિ. કૃતિના સ્વીકાર-અસ્વીકાર અંગેના નિર્ણયનો અધિકાર તંત્રી-સંપાદક મંડળનો રહેશે.

૩. સાધારણ રીતે લાંબા લેખોને અવકાશ ઓછો છે. લખાણ ટૂંકું અને મુદ્દાસર હોય એ જરૂરી છે. લખાણમાં અંગ્રેજી શબ્દનો ઉપયોગ કર્યો હોય ત્યાં સાથે કૌંસમાં ગુજરાતી પર્યાય આપવો આવશ્યક છે. લખાણ ગૂજરાત વિદ્યાપીઠના માન્ય જોડણીકોશ અનુસારની જોડણીમાં હોવું જરૂરી છે. લેખમાંના લખાણના અભિપ્રાયની જવાબદારી સંબંધિત લેખકની જ રહેશે, તંત્રી કે સંપાદક મંડળ એ અંગે જવાબદાર રહેશે નહીં.

૪. ।વિ। માં મોકલેલું લખાણ પ્રકાશન અર્થે અન્ય સામયિકને પણ મોકલેલું ન હોવું જોઇએ. એ અંગેની કાળજી તેમજ જવાબદારી લેખકે રાખવી જરૂરી છે. સામાન્ય રીતે એક-બે માસમાં કૃતિ પ્રકાશિત ન થાય તો અસ્વીકૃત કૃતિ પરત મોકલવાની પદ્ધતિ નથી. તેથી જવાબી ટપાલખર્ચ ન મોકલવું. પ્રત્યેક કૃતિ નીચે લેખકે પિનકોડ સાથેનું પૂરેપૂરું સરનામું અવશ્ય લખવું.

૫. ‘વિ-વિદ્યાનગર’ દર માસની પચીસમી તારીખે નિયમિતરૂપે પ્રકાશિત થાય છે. સામયિકનો અંક ચોકસાઇથી રવાના કરવામાં આવે છે. ટપાલમાં અંક ગેરવલ્લે જાય તો તે અંગેની જવાબદારી સંસ્થાની નથી. અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રગટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે. અલબત્ત, અંક સિલકમાં હશે તો બીજી નકલ મોકલવામાં આવશે.

૬. લવાજમ વાર્ષિક-આજીવન રૂબરૂમાં-મની ઓર્ડરથી-બેન્ક ડ્રાફ્ટ-ચેકથી મોકલી શકાય. મનીઑર્ડરની કૂપનમાં ગ્રાહકે સ્પષ્ટ અક્ષરે પોતાનું નામ-સરનામું, પિનકોડ સાથે લખવું. બહારગામના બેન્ક ડ્રાફ્ટ-ચેકમાં લવાજમની રકમ ઉપરાંત રૂપિયા પાંત્રીસ ઉમેરવા. ગમે તે માસથી ગ્રાહક થઇ શકાય છે. લવાજમ **‘ચારુતર વિદ્યામંડળ’**ના નામે મોકલવું.

૭. દિવંગત થયેલા આજીવન ગ્રાહક અંગે તેમનાં સગાં-સંબંધીઓને તે વિશે કાર્યાલયને જાણ કરવા વિનંતી.

૮. વ્યવસ્થા અંગેનો તેમજ તંત્રી સાથેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવોઃ

**ઉર્વીશ છાયા**

**તંત્રીશ્રી, વિ-વિદ્યાનગર, આસિ. પ્રોફેસર, એન.વી. પટેલ સાયન્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર**

ઇ-મેઇલઃ editor.vidyanagar@gmail.com, urvish.chhaya@gmail.com

લવાજમઃ **વાર્ષિક** : ₹ ૧૫૦, સ્થાનિક વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક લવાજમ ₹ ૧૦૦

**આજીવન :** ₹ ૧૫૦૦

**વિદેશમાં :** ૨૫ $ અથવા ૧૫ £ આજીવન ૧૦૦ $ અથવા ૭૦ £

**છૂટક નકલની કિંમતઃ** ₹ ૧૫ + રવાનગી ખર્ચ ₹ ૧૦



ચારુતર વિદ્યામંડળ સંચાલિત એનવીપાસ કોલેજ, વલ્લભ વિદ્યાનગર તથા આઈસીઈસીડી અમદાવાદના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ ત્રણ દિવસીય એન્ટરપ્રેન્યોરશીપ અવેરનેસ કેમ્પના સમાપન સમારોહ પ્રસંગે લેવાયેલ તસવીરમાં મુખ્ય મહેમાન તથા ગુજરાત સરકારના ખાણ અને ખનીજ ઉદ્યોગના ભૂતપૂર્વ મંત્રીશ્રી રોહિત પટેલ, સીવીએમના કુલપતિશ્રી ડૉ. ભાવેશ પટેલ, સંસ્થાના આચાર્યશ્રી ડૉ. બાસુદેબ બક્ષી, વિષય નિષ્ણાંતો શ્રી રાજેશ માંકડ તથા શ્રી વિજય ભુપ્તાણિ, કો-ઓર્ડિનેટરશ્રીઓ ડૉ. તેજસ ઠક્કર, ડૉ. અમિત બલ્લાણી, શિક્ષકગણ તથા વિદ્યાર્થીગણ દશ્યમાન થાય છે.




ચારુતર વિદ્યામંડળ સંચાલિત હોમસાન્યસ હાયર સેકન્ડરી વિ-વિદ્યાનગર ખાતે ન્યુટ્રિશન સપ્તાહની ઉજવણી નિમિત્તે લેવાયેલ તસવીરમાં સીવીએમના અધ્યક્ષશ્રી ઈજનેર ભીખુભાઈ પટેલ, એસ.એમ. પટેલ હોમ સાયન્સ કોલેજના આચાર્યા શ્રીમતી ભાવનાબેન ચૌહાણ, શ્રી નરેશભાઈ પટેલ તથા સંસ્થાના આચાર્યા સુચિતાબેન ખરાદી દશ્યમાન થાય છે.

V-Vidyanagar 20 (10) October 2018 Postal Regd. No. AND/318/2018-20
Published on Friday, 05.10.2018 RNI Regd. No. Guj/2009-11/5433
No. of Pages 36 Including Cover & Center Page Posted at Vallabh Vidyanagar on
ISSN 0976 – 9609 V-Vidyanagar 5th of Every Month



"आजादी की रक्षा केवल सैनिको का काम नहीं है।
पूरे देश को मजबूत होना होगा।"

**Shree Lal Bahadur Shastri**

**2 October - 1904 to 11 January 1966**

Editor: Dr. Urvish Chhaya Printed at Anand Press, Anand 388 001
Printed, Published and owned by Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal and
Published at Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)

Type Setting ASP Computers - [illegible]